ત્રીજી બ્રહ્મક્ષાત્રિય કોનફરન્સનો હેવાલ.

સુરત. તા. ૩૦-૩૧ મે સને ૧૯૦૮.

સુરત.

"દેશી મિત્ર" એનજીન પ્રિન્ટીંગ પ્રેસ.

અત્રે મળનારી ત્રીજી પરીષદ માટેનું જોઇતું કામ કરવાને નીચેના

સદ્ગ્રહસ્થોને પંચ તરફથી નીમવામાં આવ્યા હતા.

કારોબારી મંડળ

રા. રા. નરસીલાલ હરદેવરામ
રા. રા. છગનલાલ માણેકલાલ વકીલ
રા. રા. છગનલાલ ત્રંબકલાલ
રા. રા. મણીલાલ ઉમેદરામ બેરીસ્ટર એટ લૉ.
રા. રા. છોટાલાલ નરસીંગરાય
રા. રા. મોતીલાલ ઉમેદરામ
રા. રા. રતીલાલ માધવલાલ
રા. રા. હરરાય અમુલખરાય

સ્વાગત મંડળ

રા. મણીલાલ ઉમેદરામ (પ્રમુખ)
રા. છગનલાલ માણેકલાલ
(રા. મણીલાલ નહિ આવી શકવાથી તેમને પ્રમુખ નીમવામાં આવ્યા હતા.)
રા. રા. નરસીલાલ હરદેવરામ રા. રા. હરરાય અમુલખરાય
રા. રા. રતીલાલ માધવલાલ રા. રા. ધીરજલાલ અમરતલાલ
રા. રા. મોતીલાલ ઉમેદરામ રા. રા. સહીપતરાય હકુમતરાય
રા. રા. છોટાલાલ નરસીંગરાય રા. રા. બાલુભાઈ અંબાલાલ
રા. રા. છગનલાલ ત્રંબકલાલ
રા. રા. ત્રીકમલાલ ચંદુલાલ

સેક્રેટરીઓ

રા. રા. નરસીલાલ હરદેવરામ
રા. રા. છોટાલાલ નરસીંગરાય
રા. રા. હરરાય અમુલખરાય

બ્રહ્મક્ષાત્રિય કોન્ફરન્સની ત્રીજી બેઠકનો હેવાલ.

૧૯૦૭ના જુન માસની તા૦ ૩ જીએ ભરૂચ મુકામે બીજી કોન્ફરન્સને અંતે અત્રેના પ્રતિનીધીઓએ ૧૯૦૮ની સાલની કોન્ફરન્સ સુરત મુકામે ભરવા દેવાની વિનંતી કરી અને તે વિનંતી તે વખતે મંજુર કરવામાં આવી હતી. તે ઉપરથી અત્રે કોન્ફરન્સ ભરવાનો દીવસ ૨૪મી મેનો રાખવામાં આવ્યો હતો. હમે સર્વ સ્થળોના ક્ષત્રીઓને અમારે ત્યાં પ્રતીનીધીઓ મોકલવા વીનંતી કરેલી. આ વખતે લાહોર, અમૃતસર, પંજાબ વીગેરે વીગેરે સ્થળોએ કાગળ લખવા પણ ચુક્યા નહોતા; પણ ત્યાંથી કંઇ પણ જવાબ ફરી વળ્યો નહોતો. ભરૂચ, આમોદ, અમદાવાદ, વડોદરા, જુનાગઢ, લીંબડી અને હૈદરાબાદથી ચુંટાયેલા પ્રતીનીધીઓની યાદી અમને વખતસર પહોંચેલી તેઓના મુબારક નામો નીચે આપવામાં આવેલા છે.

સુરતના પ્રતીનીધીઓના નામ.

૧ રા. રા. મણીલાલ ઉમેદરામ બેરીસ્ટર એટ-લૉ
૨ રા. રા. માણેકલાલ ગોકળદાસ
૩ રા. રા. નરશીલાલ હરદેવરાય
૪ રા. રા. ચંદુલાલ કલ્યાણરાય
૫ રા. રા. સહીપતરાય હકુમતરાય
૬ રા. રા. રતીલાલ માધવલાલ
૭ રા. રા. ધીરજલાલ ઉમેદરામ
૮ રા. રા. છગનલાલ માણેકલાલ વકીલ
૯ રા. રા. છગનલાલ ત્રંબકલાલ
૧૦ રા. રા. છોટાલાલ નરમાંગરાય
૧૧ રા. રા. મોતીલાલ ચંદ્રશંકર
૧૨ રા. રા. મણીલાલ નરસાંગરાય
૧૩ રા. રા. ધીરજલાલ અમરતલાલ
૧૪ રા. રા. બાપાલાલ વેણીલાલ
૧૫ રા. રા. ચીમનલાલ અજીતરાય
૧૬ રા. રા. હરરાય અમુલખરાય
૧૭ રા. રા. બાલુભાઇ અંબાલાલ
૧૮ રા. રા. છગનલાલ હરગોવનદાસ
૧૯ રા. રા. હીમતલાલ હરગોવનદાસ
૨૦ રા. રા. ઠાકોરલાલ હરગોવનદાસ
૨૧ રા. રા. ભુપતરાય માણેકલાલ
૨૨ રા. રા. ત્રંબકલાલ ઉતમરાય
૨૩ રા. રા. સાકરલાલ ભોગીલાલ
૨૪ રા. રા. કેશવલાલ નરસાંગરાય

અમદાવાદના પ્રતીનીધીયોના નાંમ.

૧ દી. બા. અંબાલાલ સાકરલાલ
૨ રા. બા. નરસીલાલ રેવાદાસ
૩ ,, ,, ત્રીકમલાલ દીનાનાથ
૪ ,, ,, કેશવલાલ હીરાલાલ
૫ રા. રા. ચીમનલાલ હરીલાલ સેતલવાડ એડવોકેટ
૬ ,, ,, નીલકંઠરાય ડાહ્યાભાઇ
૭ ,, ,, અજીતરાય શીવદાસ
૮ ,, ,, મણીલાલ ગંગાદાસ ડોકટર
૯ ,, ,, જીવણલાલ પ્રાણજીવનદાસ
૧૦ ,, ,, બુલાખીદાસ ગંગાદાસ
૧૧ ,, ,, નગીનલાલ વેણીલાલ
૧૨ ,, ,, હરીલાલ વીઠલરાય
૧૩ ,, ,, હરીલાલ દીનાનાથ
૧૪ ,, ,, છોટાલાલ હરીલાલ
૧૫ ,, ,, સાકરલાલ બુલાખીદાસ

૧૬ રા. રા. મણીલાલ અજીતરાય
૧૭ ,, ,, સાકરલાલ ચંદુલાલ
૧૮ ,, ,, ચુનીલાલ હરીલાલ
૧૯ ,, ,, ચીમનલાલ નરભેરામ બેરીસ્ટર એટ-લૉ.
૨૦ ,, ,, ઠાકોરલાલ પ્રમોદરાય
૨૧ ,, ,, ધીરજલાલ ચુનીલાલ
૨૨ ,, ,, શાકરલાલ નભુલાલ
૨૩ ,, ,, હરીપ્રશાદ ડાહ્યાભાઇ
૨૪ ,, ,, જીવણલાલ હરીપ્રસાદ દીવાન
૨૫ ,, ,, નરસીલાલ માધવલાલ
૨૬ ,, ,, કૃષ્ણલાલ નરસીલાલ
૨૭ ,, ,, જીવણલાલ વ્રજરાય દેસાઇ બેરીસ્ટર એટ-લૉ.
૨૮ ,, ,, શંભુપ્રસાદ ચીમનલાલ ઠાકોર
૨૯ ,, ,, નટવરલાલ ગોવીંદલાલ
૩૦ ,, ,, બળવંતરાય પ્રમોદરાય
૩૧ ,, ,, નગીનલાલ હરીલાલ સેતલવાડ
૩૨ ,, ,, ધીરજલાલ કેશવલાલ ઠાકોર
૩૩ ,, ,, બાળમુકુંદરાય અંબાલાલ
૩૪ ,, ,, પ્રાણશંકર લલ્લુભાઇ
૩૫ ,, ,, લલ્લુભાઇ ચંદુલાલ
૩૬ ,, ,, કૃષ્ણલાલ કીરપારામ ઠાકોર
૩૭ ,, ,, શંકરલાલ હરીલાલ
૩૮ ,, ,, કેશવલાલ હરીલાલ સેતલવાડ
૩૯ ,, ,, શીવપ્રસાદ અજીતરાય વકીલ
૪૦ ,, ,, હરીલાલ મણીલાલ
૪૧ રા. રા. બાપાલાલ હરીલાલ
૪૨ ,, ,, વરજરાય વીઠ્ઠલરાય
૪૩ ,, ,, હરીલાલ ચંદુલાલ
૪૪ ,, ,, હરરાય અમુલખરાય
૪૫ ,, ,, ચીમનલાલ અજીતરાય
૪૬ ,, ,, ભાઇલાલ વેણીલાલ
૪૭ ,, ,, હરીપ્રસાદ વરજરાય
૪૮ ,, ,, કલ્યાણરાય ઉત્તમરાય
૪૯ ,, ,, ત્રંબકલાલ જાદવરાય દેસાઇ
૫૦ ,, ,, કલ્યાણરાય પુરૂસોત્તમરાય
૫૧ ,, ,, નટવરલાલ માધવલાલ
૫૨ ,, ,, ઠાકોરલાલ ગોવીંદરાય
૫૩ ,, ,, ઇશ્વરલાલ વ્રજરાય
૫૪ ,, ,, હીરાલાલ મણીલાલ
૫૫ ,, ,, ચીમનલાલ હરીલાલ ઠાકોર
૫૬ ,, ,, બળવતરાય રાયજીભાઇ
૫૭ ,, ,, ગીરધરલાલ પ્રમોદરાય
૫૮ ,, ,, બલવંતરામ નરસીંહલાલ કાનુગા ડૉક્ટર
૫૯ ,, ,, છગનલાલ નરસીંહલાલ કાનુગા વકીલ
૬૦ ,, ,, ત્રીકમલાલ જીવણલાલ દેસાઇ વકીલ
૬૧ ,, ,, નરહરરાય બળવંતરાય
૬૨ ,, ,, લક્ષ્મણરાય ખુશાલરાય
૬૩ ,, ,, ત્રીકમલાલ નરસીલાલ
૬૪ ,, ,, મણીલાલ પ્રાણલાલ
૬૫ ,, ,, ધીરજલાલ કેશવલાલ ઇજનેર

ભરૂચના પ્રતીનીધીઓના નામ.

૧ રા. રા. હરીપ્રસાદ વીષ્ણુપ્રસાદ દેશાઇ
૨. રા. બા. મોતીલાલ ચુનીલાલ
૩ રા. રા. અંબાશંકર ઉત્તમરામજી વકીલ
૪ ,, ,, બલવંતરાય કલ્યાણરાય ઠાકોર
૫ ,, ,, અંબાશંકર હરપ્રસાદ વકીલ
૬ ,, ,, મોતીલાલ શાકરલાલ વકીલ
૭ ,, ,, મણીલાલ કેવલરામ
૮ ,, ,, બળવંતરામ નરભેરામ
૯ રા. રા. મણીલાલ કુરણારામ વકીલ
૧૦ ,, ,, ધીરજલાલ ઉમેદરામ
૧૧ ,, ,, ધીરજલાલ ચુનીલાલ
૧૨ ,, ,, ચીમનલાલ ચુનીલાલ
૧૩ ,, ,, માધવલાલ ચત્રુભુજદાસ
૧૪ ,, ,, માણેકલાલ સાકરલાલ
૧૫ ,, ,, ત્રીકમલાલ હરીનાથ
૧૬ ,, ,, ઉમેદરામ હરીલાલ

૧૭ રા. રા. સાકરલાલ ડાહ્યાભાઇ વકીલ
૧૮ ,, ,, ભીકમલાલ જાદવરાય
૧૯ ,, ,, લક્ષ્મીરામ હરરાય
૨૦ ,, ,, રતનલાલ ઘેલાભાઇ
૨૧ ,, ,, ચીમનલાલ રણછોડદાસ
૨૨ ,, ,, જીવણલાલ હરરાય
૨૩ ,, ,, ચીમનલાલ હરદેરામ
૨૪ ,, ,, ગીરધરલાલ હરીનાથ વકીલ
૨૫ ,, ,, મુકુંદરાય દોલતરાય
૨૬ ,, ,, શાકરલાલ પ્રમોદરાય
૨૭ ,, ,, શાકરલાલ માણેકલાલ
૨૮ ,, ,, નરભેરામ કીરપારામ
૨૯ ,, ,, કૃષ્ણલાલ કીરપારામ વકીલ
૩૦ ,, ,, મુકુંદરાય શ્રીપતરાય
૩૧ ,, ,, હીરાલાલ સંતોકરાય
૩૨ ,, ,, બળવંતરાય હરરાય
૩૩ ,, ,, ચીમનલાલ કલ્યાણરાય
૩૪ ,, ,, ધીરજલાલ પ્રમોદરાય
૩૫ ,, ,, નરહરીલાલ બળવંતરાય
૩૬ ,, ,, ઠાકોરલાલ ચુનીલાલ
૩૭ ,, ,, ચુનીલાલ નંદલાલ
૩૮ રા. રા. ત્ર્યંબકલાલ હીંમતરામ
૩૯ ,, ,, ઠાકોરલાલ ઘેલાભાઇ
૪૦ ,, ,, મુકુંદરામ આત્મારામ
૪૧ ,, ,, જમીયતરામ સંતોકરામ
૪૨ ,, ,, જીવણરામ ગોકલભાઇ
૪૩ ,, ,, સંતોકરામ જીવણરામ
૪૪ ,, ,, બળવંતરાય હીરાલાલ
૪૫ ,, ,, ઠાકોરલાલ માણેકલાલ
૪૬ ,, ,, ઇશ્વરલાલ નરસીલાલ
૪૭ ,, ,, ઇશ્વરલાલ ગીરધરલાલ
૪૮ ,, ,, તનમનલાલ કલ્યાણરાય
૪૯ ,, ,, ડાહ્યાભાઇ માધવરાય
૫૦ ,, ,, કૃષ્ણલાલ ઉત્તમરામ મલજી
૫૧ ,, ,, હીરાલાલ ચુનીલાલ
૫૨ ,, ,, સુરજરામ મહીપતરામ
૫૩ ,, ,, મણીલાલ હીમતરામ
૫૪ ,, ,, માણેકલાલ કીશોરદાસ
૫૫ ,, ,, કલ્યાણરાય પ્રાણશંકરરાય
૫૬ ,, ,, હીરાલાલ પ્રાણલાલ
૫૭ ,, ,, ઠાકોરલાલ રતનરામ

આમોદના પ્રતીનીધીઓના નામ.

૧ રા. રા. લક્ષ્મીરામ હરીનાથ
૨ ,, ,, કલ્યાણરાય જશુભાઇ
૩ ,, ,, ધીરજલાલ નરભેરામ
૪ ,, ,, પ્રાણલાલ કીરપારામ
૫ ,, ,, ભુપતરાય વરજરાય
૬ ,, ,, કૃષ્ણલાલ બળવંતરાય વકીલ
૭ ,, ,, નરભેરામ કીરપારામ
૮ ,, ,, ઠાકોરલાલ ચીમનલાલ વકીલ
૯ ,, ,, કનૈયાલાલ નરભેરામ વકીલ
૧૦ ,, ,, ભગવંતરાય ગુલાબરાય
૧૧ ,, ,, પરમોદરાય દાનતરાય
૧૨ રા. રા. બળવંતરાય રાયજીભાઇ
૧૩ રા. રા. બળવંતરાય દુવારકાદાશ
૧૪ ,, ,, ભાઇલાલ વરજરાય
૧૫ ,, ,, કૃષ્ણલાલ નરભેરામ
૧૬ ,, ,, બળવંતરાય રતનરામ
૧૭ ,, ,, કુરણરામ ખુશાલરામ
૧૮ ,, ,, ભોગીલાલ હરકીશનદાસ
૧૯ ,, ,, ધીરજલાલ નંદલાલ
૨૦ ,, ,, મગનલાલ જમેતરામ
૨૧ ,, ,, ધીરજલાલ ચીમનલાલ

વડોદરાના પ્રતીનીધીઓના નામ.

૧ રા રા. ભાઇલાલ વ્રજરાય	૪ ,, ,, મોતીલાલ શીવદાસ
૨ ,, ,, શ્રીપતરાય જાદવરાય વકીલ	૫ ,, ,, હીમતલાલ હરગોવનદાસ
૩ ,, ,, શાકરલાલ જસવંતરાય	

જુનાગઢના પ્રતીનીધીઓના નામ.

૧ રા. રા. કેશવલાલ કહાનદાસ દેશાઇ	૭ ,, ,, ફુલશંકર સુંદરલાલ દેસાઇ
૨ ,, ,, સુંદરલાલ દલપતરામ દેશાઈ	૮ ,, ,, ઇશ્વરલાલ કેશવલાલ દેસાઇ વકીલ
૩ ,, ,, પ્રતાપરામ બળવંતરામ મુનશી	૯ ,, ,, વ્રજરાય દુર્ગાદાસ દેસાઇ
૪ ,, ,, મુલચંદ કેશવલાલ ડોકટર	૧૦ ,, ,, ભગવાનદાસ કેશવલાલ વકીલ
૫ ,, ,, પ્રભુલાલ નંદલાલ મુનશી	૧૧ ,, ,, પ્રાણુલાલ સાકરલાલ મુનશી
૬ ,, ,, હરીરાય નવનીધરાય મુનશી	૧૨ ,, ,, ભગવાનલાલ સંપતરામ વકીલ

લીમડીના પ્રતીનીધીઓના નામ.

૧ કલ્યાણરાય બુરાભાઇ દેશાઇ	૩ ભવાનીલાલ માણેકલાલ દેશાઇ
૨ ત્રંબકલાલ જાદવરાય દેશાઇ બેરીસ્ટર એટ-લૉ	૪ રામચંદ્ર માણેકલાલ દેશાઇ

વાડીફળીયા મધ્યે સ્ટોરની શેરીમાં શેઠ ઇશ્વરદાશ સ્ટોરના ડહેલાની મેડીપર તા૦ ૩૦-૩૧મી મે ૧૯૦૮ના રોજ મેળાવડો કરવામાં આવ્યો હતો. મકાનને તોરણો વીગેરેથી સારી રીતે શણગારવામાં આવ્યું હતું. સભાસ્થાનની પાછળ એક ઓરડો હતો જેને બહારોબહાર નીચે જવાનો દાદરો હતો. તેની આગળ એક ચક નાંખી અંદર સ્ત્રીઓને બેસવાની ગોઠવણ કરી હતી જે તકનો લાભ લઇ કેટલીક સ્ત્રીઓ ત્યાં આવી હતી અને ન્યાતના અગ્રેસર આદમીયો ના વીચારો જાણવાની ત્હેમને ઉત્તમ તક મળી હતી. સભા મંડપમાં ભોંયપર ગાદી તકીયાની બેઠક ના રાખતાં કોચ ખુરશીની બેઠક કરી હતી જેથી કરીને પ્રતીનીધીયો અને અન્ય પ્રેક્ષકોને ઘણી સગવડ પડી હતી. બન્ને બાજુએ ચાર ચાર હાર ખુરશીયોની હતી અને પ્રેસીડન્ટ સાહેબની ખુરશી નજીક થોડાક કોચ હતા. પાછળ પણ ખુરશીની હાર કરવામાં આવી હતી. શહેરના તમામ જ્ઞાતી બંધુ મ્હોટા તેમજ ન્હાના ઉત્સાહ ભર્યા ત્યાં આવ્યા હતા, બહાર ગામ ના પ્રતીનીધીઓ પણ પુષ્કળ આવેલા હતા. ફકત હૈદરાબાદ તરફથી કોઇ હાજર નહોતું. જુનાગઢ અમદાવાદ, વડોદરા, આમોદ, અને ભરૂચથી સંખ્યાબંધ પ્રતીનીધીઓ આ અવસરપર આવેલા.

રા. મણીલાલ ઉમેદરામ બારીસ્ટર એટ લોને પહેલાં અત્રેના સ્વાગત મંડળના પ્રમુખ નીમવામાં આવ્યા હતા, પણ અમારા કમનસીબે તે બીમાર થઇ ગયા અને અમને છેલ્લી ઘડીયે રા. રા. છગનલાલ માણેકલાલ વકીલને તે કામ માટે ચુંટી કહાડવા પડયા.

બરોબર વખતસર સર્વે ભાઇઓ આવી પહોંચ્યા અને શરૂઆતમાં રા. રા. છગનલાલે બહારગામથી આવેલા પ્રતીનીધીઓને આવકાર અપતાં જણાવ્યું કેઃ-

તા૦ ૩૦મી મેની સહવારની બેઠક.

સ્વાગત મંડળના પ્રમુખનું ભાષણ.

વહિલો અને બંધુઓ,

આજ સહવારે આપ સાહેબોને અહિં એકત્ર થયેલાં જોઇને મને ઘણોજ આનંદ થાય છે. પણ કદાચ આપ સાહેબની સામે મને ઉભા થયેલા જોઇને આપને કાંઇ વિચિત્ર લાગશે. અહિની રીસેપ્શન કમિટીનાં પ્રમુખ તરીકે પસંદ થયેલાં મીં૦ મણીલાલ ઉમેદરામ બેરિ. એટ લો. પ્રમુખ તરીકેની ફરજ અદા કરવાને સંપૂર્ણ રીતે લાયક છે, અને તે કહેવાની જરૂર નથી. કોન્ફરન્સનાં કામ માટે તેમની હોંસ પણ જાણીતી છે. અમદાવાદ અને ભરૂચમાં મળેલી કોન્ફરન્સ વખતે ડેલીગેટોમાંનાં એક તરીકે એઓને પણ પસંદ કરવામાં આવેલા હતા. પણ એઓ સાહેબ રીસેપશન કમીટીનાં પ્રમુખનું પદ સ્વિકાર્યા પછી, હાજર ન હોય એ એક કમનસીબની વાત છે. ખાસ કરીને આ કામ કે જેહું કરવાને લાયક નહીં એવું કામ કરવાને છેક છેલ્લી ઘડીએ મારે માથે આવી પડયું છે. એઓ સાહેબની તબિએત સારી હોત અને હાજર હોત તો, કોન્ફરન્સનાં વિષયો વિશે, આપને સંપૂર્ણ સંતોષ આપી શકતે જે કામ મ્હારાથી થઇ શકવાનું નથી.

આ સમય કોન્ફરન્સ અને કોન્ગ્રેસોનો છે. અને તે સમયનો પવન આપણી કોમમાં દાખલ થાયજ. તે પ્રમાણે આપણાંમાં શરૂ થયું છે. ગુજરાતનું પાટનગર અમદાવાદ, જ્યાં, આપણાં લોકોની મોટી સંખ્યામાં વસ્તી છે, ત્યાંથીજ કોન્ફરન્સનો આરંભ થયો છે. એ પણ યોગ્ય થયું છે. ત્યાર બાદ આપણું પુરાણું નર્મદા કીનારે આવેલું ભ્રગુક્ષેત્રમાં બીજી બેઠક થઇ; જ્યાં અમારા સુરતનાં પ્રતિનિધીઓએ ડરતાં ડરતાં પણ ત્રીજી કોન્ફરન્સને આમંત્રણ આપવાની હીંમત ધરી, અને તે આમંત્રણને આપ સાહેબોએ માન આપી સ્વીકારી અને આવડી મોટી સંખ્યામાં અને ખરા ઉત્સાહથી ન્યાતના હીતની ખાતર એકઠા થયા છો. એ જોઇ અમારા આનંદનો પાર રહેતો નથી આપ સરવે જાણો છો કે અમારી સંખ્યા બહુ જુજ છે. બેશક એક વખત એવો હતો કે સુરતની જાહોજલાલી જુદી હતી અને સુરતમાં ન્યાતની સંખ્યા મોટી હતી, અને તેટલાં આગેવાનો, આખા દેશમાં નામાંકિત થયેલા હતાં. અત્યારે તે સુરત નથી. આપણી ન્યાતની સંખ્યા પણ નથી. અને તે મોટા પુરૂષો પણ નથી. ભરૂચ, અમદાવાદ આગળ અમારૂં કશું ગજુ નથી. અમારા આવકારમાં તમારી સેવામાં બનતું કરીશું પણ તે અમારી જુજ સંખ્યાને લીધે, અને અમારી શકિતને લીધે ઘણું ઓછું રહેવાનું, તે આપ જાણો છો. અમારાથી બની આવે તે સ્વિકારી અમોને જશ આપશો.

હાલની કોન્ફરન્સમાં શા શા વિષયો ચર્ચાવવાનાં છે. તેની રીસેપશન કમીટીએ ત્રીમાસિક પત્રનાં છેલ્લા અંકમાં પ્રસિદ્ધ કરેલી યાદી માત્ર સૂચના રૂપ છે. રિશેપશન કમીટીનાં પ્રમુખ રા૦ મણીભાઇએ વિષયો ઉપર આપની આગળ ઘણું વિવેચન કરી શકયા હોત, અને એમનાં વિવેચનમાંથી એમનાં અનુભવ અને જ્ઞાનથી સબજેક્ટસ કમીટી તથા કોન્ફરન્સને પણ વિચારવાનું ઘણું મળી આવતે. મારાથી તેવી કાંઇ સેવા બજાવી શકાઇ નથી, માટે દરગુજર

કરશો. એ વિષયોમાંથી જે એક બે મને ખાસ અગત્યનાં લાગે છે, તે ઉપર માત્ર બે બોલ કહેવા રજા લઉં છું, મારી સમજ પ્રમાણે પરિષદનાં બંધારણનો સવાલ ઘણો અગત્યનો છે. હાલ, કોન્ગ્રેસ. કોન્ફરન્સનોં સમય છે, એમ હું કહી ગયો છું, એ સમયનાં બળને અનુસરીને આપણી કોન્ફરન્સ શરૂ થઇ છે, તો આખા દેશને આવી મોટી કોનફરન્સમાં જે અનુભવ મળતા જાય છે, તેનો લાભ આપણે આપણી નાની કોનફરન્સમાં અગમચેતી વાપરીને પ્રથમથી લેવો એવી માહારી નમ્ર સુચનાછે, કોનસ્ટીટયુશન ન હોવાના પરીણામ કોઇક વખત કેવા ભંયકર થઇ જાય છે તેનું વર્ણન આ વર્ષમાં કે આ શેહેરમાં આ મંડળ આગલ કરવાની કશી જરૂર નથી. બંધારણ એટલે કોઇ લાંબાં લાંબા નીયમોની જરૂર નથી. પરીશદમાં કોણ પ્રતીનીધી નીમે અને કેટલી ઉમરના પ્રતીનીધીઓ નીમી શકાય એ બાબત ઉપરજ કાંઇ વ્યવસ્થા થઇ શકતી હોય તો ઘણું છે.

૪ ન્યાતનું હીત અને ન્યાતની ઉનતી સાધવાને માટે સૌથી મોટું સાધન કેળવણી છે. કેળવણી એટલે સ્કુલ, કોલેજની કેળવણી એવું નથી. સ્કુલ કોલેજની સામાન્ય કેળવણી, કેળવણીના ઝાડમાં થડની જગ્યાએ છે. આપણે સઘળી કેળવણી દેશ કાળને અનુસરતી હોય ત્યારેજ તે લક્ષ્મી સત્તાથી માંહેના સાહયા રૂપ એકદમ અને મોટા પ્રમાણમાં આવે છે. દાખલા તરીકે આશરે ૪૦ વર્ષ ઉપર વકાલતનો ધંધો નવો હતો. કોર્ટોની વ્યવસ્થા નવી દાખલ થઇ હતી અને વધતી જતી હતી. તે વખતે વકીલ થયલા આગલ ઉપર કેટલું રળશે અને કેવી સ્થીતીએ પહોંચશે તેનો કોઇને અનુભવ નહોતો. પણ આપની ન્યાતમાં તે વખતે એક દુરદર્શી પુરૂષ હતો અને તેને વળી ન્યાતનું હીત કરવાની ઘણી ઉમેદ હતી. એ પુરૂષ કયો તે આપણી ન્યાતમાં નાનું બચ્ચુ પણ જાણે છે કે તે સુરતના ધીરજલાલજી મથુરાદાસજી એમણે એક પછી એક છોકરાઓને પકડી પકડીને વકાલતનો અભ્યાસ કરાવ્યો કેટલાક ઘણીજ નારાજીથી પણ એમનો શુકન તરછોડી ન શકાય એટલાજ કારણથી એ અભ્યાસ તરફ વલ્યા એ વાત જાણીતી છે. આવી રીતે એમણે થોડા સમયમાં આપણી ન્યાતના વકીલોની સારી સંખ્યા સુરત ભરૂચ અમદાવાદ આમોદ વીગેરે સ્થળે વધારી અને પછીના દશ-વીશ વર્ષમાં કેવો સારો પરીણામ થયો તે આપણે સૌ જાણીએ છઇએ કારણ કે એ વકીલોની કમાણીનો ઓછો વતો ભાગ હજુ પણ એમના વંશજોના અને સંબંધીઓના ઉપભોગમાં ચાલ્યો આવે છે. હવે હાલના સમયમાં વકીલાત લક્ષ્મીનું કદાચ દ્વાર નહી હોય એકલી સ્કુલ કોલેજની ડીગ્રી કદાચ શુભ ફળ દેનારા નીવડે એમ નહી હોય. ઘણાં કહે છે કે હવે કમાવવાનું સૌથી સારૂ સાધન મીલે, ઇન્ડસટ્રીઓ ધંધા રોજગાર વીગેરે છે. આ વાત ખરી છે કે કેમ તે કહેવાનું જોખમ હુ મારે માથે લેતો નથી. આજથી દશ વર્ષે કયા ધંધામાં જોડાયાથી કમાણી કરશે. એ આજે જાણવા જેટલી શકિત મારા જેવાની કયાંથી હોય પણ આપણી ન્યાતમાં વૃધ, અનુભવી, અને દીર્ઘ દ્રષ્ટીવાલા પુરૂષો હશે, તેઓએ આવો સવાલ પોતાના હાથમાં લેવો જોઇએ. અને ન્યાતના હીતની જે લાગણી સુરતના વતની ધીરજલાલજી મથુરાદાસજીએ બતાવી હતી તે લાગણી બતાવીને તે સૌએ હાલના સમયમાં જે રસ્તો તેમના નજરમાં સૌથી વધારે ફળદાયક હોય તે રસ્તો આપણા ઉછરતા યુવાનોને લેવાને તેમણે યથા શકિત પ્રયાસ કરવો જોઇએ. હાલના વધતી જતી હરીફાઇમાં પારસી હોરા વીગેરે જે ટોળામાં આવા આગેવાન ગ્રહસ્થો તન મન અને ધનનો ભોગ આપી અને પોતાના અનુભવનો લાભ આપીને પોતાની કોમના બાલક છોકરાઓને બહાર પાડે છે તે કોમ આગળ વધે છે. બીજી કોમો પાછલ

પડી જાય છે, આપણી કોમનું ભવીષ્ય આજથી દશ વર્ષ પછી કહેવું વધશે તેનો મુખ્ય આધાર મને તો લાગે છે કે આપણામાં આવા આગેવાનો અને આવી કેળવણી લેનારા યુવાનો કેટલા નીકળી આવે છે તેના ઉપર છે.

૫. કોનફરન્સમાં આવતી વખતે આપણા સૌના મનની સ્થીતી એક જાતની હોય છે. તેમાંથી વીખરાતી વખતે મનની સ્થીતી જુદી હોય છે આવતી વખત ઇચ્છીએ છઇએ કે આપણે કાંઇ કરીએ જતી વખતે સૌના મનમાં સવાલ ઉઠે છે કે આપણે શું કર્યું. એકઠા થતી વેળાની લાગણી અને જુદા પડતી વેળાની લાગણીમાં ફેર પડે છે. તે બતાવી આપે છે કે આવી કોનફરન્સમાં આપણે મળવા હળવાથી અને વાદ વીવાદથીજ સંતોષ માનવો ન જોઇએ. કોઇ પણ વીષયમાં કોઇ પણ વહેવારૂ પગલાં લઇ શકાય એમ હોય તેવા લેવાને આપણે બનતી તજવીજ કરવી જોઇએ. કોનગ્રેસ જેવું મોટું મંડળ કે જેના ઉપર ટીકા થાય છે કે તમે શું કર્યું ત્યારે એવો જવાબ આપે છે કે કરવાનું હમારા હાથમાં નથી. સરકારના હાથમાં હમે સરકાર નથી કે કોઇ કરી શકીએ. પણ અહીં આપણે સરકાર છઇએ અને આપણે પ્રજા છઇએ. આપણે કોઇને કોઇ વહેવારૂ પગલાં લેવાં, નહીં તો પછી આ ત્રીજી કોનફરન્સ મળે છે. તેમ બીજા થોડા વર્ષ મળશે ખરી પરંતુ તે પછી “ એવી વાતોથી ફળ શું ” અને કોનફરન્સનો સદા કાળને માટે છેડો આણી દેશો એવી મને ધાસ્તી છે.

૬. ફરીથી હું આપ સઉને સુરતની ન્યાત તરફથી અંતઃકરણથી આવકાર આપું છઉં અને પ્રમુખ સાહેબની પસંદગીનું કામ આરંભવા વીનંતી કરૂં છઉં.

આ કોનફ્રન્સનું કામ નિરવીઘ્ને પાર પડે એવી મારી પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે.

સ્વગત કમીટીના પ્રમુખે દક્ષણ હેદરાબાદથી આવેલો કાગળ સભામાં વાંચી સંભળાવ્યો હતો.

Hydrabad (Deccan).
26 th May 1908.

TO

The Secretary Istakabalia-Brahmkhatri
Third Conference
SURAT.

My dear Sir

I am in receipt of your very kind letter of invitation dated 24 th inst. I am very happy to learn that our conference is to have its sittings shortly and that grand preparations are being made for a successful session of the samo. I hope and pray that the conference will be a success and that many of the resolutions that will be passed in the course of the conference will take a practical shape. At the

same time, anticipating as I did to be present at the Conference I have been all of a sudden prevented from doing so by my son-in law and others on account of my grand-son's marriage which is to take place next week. This is a matter of much regret to me since I had hoped to be present at the Conference and to press upon the Conference the three resolutions which were passed at the Broach Conference but which have not yet taken practical shape.

The twelvth resolution of the Broach Conference was with reference to the pernicious custom among us of Sofisafa. It was resolved that it should be given up. This resolution must be repeated again and the matter should be pressed upon the attention of all Brahama Khatrias. The XIII resolution at the Broach Conference refered to the desirability of the amalgamation of Daccani and Gujrat Kshtryas with those of Punjab. Punjab Kshtryas are physically and numerically strong. They are more than a Lac in number where as we are few hundreds. Further in (Gotter) Alu, Purva Saka, Rasam, Delri and Somscar, their custome coincide with ours. In addition to this our community small as it is, should not be so devided as to exclude such a large portion of the Community as lives in Punjab.

Therefore practical steps should he taken to bring about union among different sects in the Community. The XIV resolution at theBroach Conference decided that the Brahma Kshtryas Sumsta Patrika should be encouraged and patronized by every Kshatri. I herewith remit Rs. 3 to bepaid to the manager of the "Patrika" towards expenses of maintaining it and trust that every Khatri will do the same. At the same time allow me to point out that "Patrika" being written in Gujarati language and Gujarati Character it is not appreciated in Hyderabad and Hindustan. Thus the "Patrika" defeats its own purposes for which it is intended namely. The diffusion of khowledge, the wielding together of different sects and the promotion of the Communial spirit. This defect can be remidied if the Patrika is written either in Hindi or Urdu or English. I therefore pray that these three resolutions together with my humble veiws should be placed before

the Conference and passed. One more request and I have done and it is the earnest desire of myself and all the leading Kshtryas here that the next session of the Conference should be held here. I made this proposal last year but was over ruled in favour of Surat. On my behalf and on behalf of all the Kshtryas here I assure you of excellent arrangements being made here for the successful sitting of of the Conference and of happy sojourn of the delegates I undertake all responsibilities in this affair. I therefore request you to place this proposal before the Conference and to see that it is heeded to. In conclusion convey my regards to all my friends and brothers.

Yours fraternally

Sd/ Jagat Narain

Pleader and Vice President

Mufeedut Anam School.

સ્વાગત કમીટીના પ્રમુખનું ભાષણ પુરૂં થયા બાદ દી. બા. અંબાલાલ સાકેરલાલે દરખાસ્ત મુકી જે આજની સભાનું પ્રમુખ સ્થાન રા. રા. માણેકલાલજી ગોકલદાસજીને આપવું એ દરખાસ્તને રા. બા. ગોતીલાલજી ચુનીલાલજીએ ટેકો આપ્યો અને અનુમોદન મળ્યું.

રા. રા. માણેકલાલજી પ્રમુખ સ્થાને બીરાજ્યા બાદ નીચે પ્રમાણે ભાષણ કર્યું.—

ત્રીજી પરીષદના પ્રમુખ સાહેબનું ભાષણ.

આ પરિષદના પ્રમુખસ્થાન સારૂ આપણી એકંદર નાતમાંથી મારાં કરતાં વધારે ભાવી, ઉત્સાહી, અને બીજી રીતે પણ લાયક ગૃહસ્થ મળી શકત, તેમ છતાં પસંદગી ફકત સ્થાનિક નાતમાંથીજ કરવાના સાંકડા વિચારોને લીધે અહીંના વતની તરીકે તમે એ માન મને આપ્યું છે તેથી ઘણો આભારી થયો છું; અને આશા રાખું છું કે, નાતના સહવાસથી લાંબા વખતના અલગપણાનાં અથવા બીજાં કારણે મારી સુચનામાં ખામી જણાય, તો તેના ગુણદોષનો વિચાર કરો, જે કંઇ ઉપયોગી લાગે તેને ઇન્સાફ આપશો; કેમકે ફકત ભાષણો અને વાદવિવાદથી સંતોષ નહીં માનતાં જરૂરી બાબતોનો અમલ કર્યા શિવાય ફાયદો થાય તેમ નથી.

આવી હીલચાલ શરૂ કરવાનો જે ઉમદા હેતુ છે તેની ફતેહ સારૂ ભિન્નતા, મમેત અને એવાં બીજાં વિરૂદ્ધ તત્વો દૂર કરીને જે સવાલો તમારા રૂબરૂ રજૂ થાય તેમાં પડતાં મતભેદની ચર્ચા કરી એક દિલથી નિર્ણય ઉપર આવવાની જરૂર તમારા જાણવામાં હશે, માટે જેવા

ઉત્સાહથી અહીં પધારવાની તસ્દી લીધી છે તેવા ઉત્સાહ અને આગ્રહ જારી રાખી ધીમા અને દૃઢ પગલાં ભરશો, તો સારાં પરિણામ આવવાની વકી રાખી શકાશે.

આવી સામાન્ય હિતની બાબતમાં પ્રથમ તો બધાજ એવા અગત્યના મોટા કામોમાં જણાય છેજ તે માફક ન્હાની મોટી મુશ્કેલીઓ જણાવા સંભવ છે કેમકે બધાના અભિપ્રાય એક સરખા હોય નહીં, તેમ ઠરાવો પણ બધાને મનગમતા થઈ શકે નહીં માટે સ્વાર્થ ભોગના ઉત્તમ નિયમને અનુસરી ઇંગ્રેજી કહેવતમાં કહ્યું છે તે મુજબ અર્ધે અર્ધે રસ્તે મળવાની રીત નહીં રાખશો તો આવા મેળાવડામાં વખતની સાથે જે મહેનત અને ખર્ચ લાગે છે તે બધુંજ વ્યર્થ જતાં તમાશા જેવો ગણાઇ જાહેરની હાંસીને પાત્ર થવા જેવું છે. માટે તેવી મુશકેલીઓ દુર કરવાના મુખ્ય સાધન તરીકે ઐકયતા અને મિત્રભાવની લાગણીથી કામ લેશો તોજ સારાં ફળની આશા રહે એમ છે.

જે જે બાબતોના સુધારા તરફ આપણું ધ્યાન ખેંચાયું છે તે સારે નશીબે હજીપણ વખતસર છે. અને આપણી જે હાલની સ્થિતિ થઇ છે તે સ્થિતિમાં આવવાનું મુખ્ય કારણ બંધારણની ખામી હોય એમ હું માનું છું. કેમકે પહેલાં જેમ સંભાવિત આગેવાન ગૃહસ્થો તરફથી થતી સૂચનાઓને માન આપી એક દિલથી અમલમાં મુલાવવા સારૂ તજવીજ થતી તેમ હાલ નથી એટલુંજ નહીં બલકે પંચો અને પરિષદોની સૂચનાઓ અને ઠરાવો તરફ પણ એક સરખી રીતે બેદરકારી બતાવવામાં આવે છે. એ ઘણું હાનિકારક છે, કેમકે પોતપોતાની મરજી માફક મનસ્વીરીતે વર્તવાથી નિયમોનો ભંગ થઇ અવ્યવસ્થા શિવાય બીજું પરિણામ હોઇ શકે નહીં. પરંતુ તમે જાણો છો કે યુરોપ અમેરિકાના લોકો આપણા કરતા વિદ્યા હુન્નર તથા કળા કૌશલ્યમાં ઘણા આગળ વધેલા છે, છતાં ત્યાના પ્રજાસત્તાક રાજ્યો નિયમસર ચલાવવા સારૂ ખાસ અધિકાર આપી પોતામાથી વધુમતે પસંદ થયેલા પ્રેસિડંટ, કાઉનસિલ, આદી નીમવામાં આવે છે માટે આપણા નિયમો અને ઠરાવોનો અમલ બરોબર થવા સારૂ કંઇક બંધારણની અવશ્ય જરૂર સમજી દરેક સ્થળે પોતપોતાના પંચ નીમી દરેક સ્થાનિક ઉભા થયેલ સવાલ વિષે પોતાનો અભિપ્રાય લખી બીજા પંચો તરફ મોકલે અને એવા અભિપ્રાય ઉપરથી વધુ મતે થયેલા ઠરાવ બધે ઠેકાણે એકસરખીરીતે અમલમાં આવે તો આપણું કામ નિયમસર ચાલી આઠમી સૂચનામાં જે સંયુક્ત અને જાથુના બંધારણ વિષે લખ્યું છે તે હેતુ પણ પાર પડે, માટે એ બાબત પ્રથમ લક્ષમાં લેવા જેવી છે.

જે જે બાબતો આ પરિષદમાં ચર્ચા સારૂ મુકવામાં આવશે તે દરેકનું વિગતવાર વિવેચન સબ્જેકટસ કમિટીના મેમ્બરો તરફથી પોતપોતાના ખાસ વિષય તરીકે કરવામાં આવશે; માટે એ દરેક બાબત વિષે લંબાણમાં ઉતરી મારા ભાષણ વડે તમારો વખત નહીં રોકતાં ફક્ત સંક્ષેપમાં બોલવાનું બસ સમજું છું.

કેળવણી.

કેળવણીની જરૂર બાબત બે મત થવા જેવું નથી. પરંતુ હાલના વખતમાં પહેલાં માફક ઇંગ્રેજીનું સાધારણ જ્ઞાન નોકરી અથવા બીજા ધંધામાં આગળ વધવાને પુરતું ગણાય નહીં; માટે આપણા યુવકોને વિદ્યાની તેમજ હુન્નર ઉદ્યોગની ઉંચી કેળવણી આપવાની તેમના માબાપ અથવા લાગતા વળગતાઓએ પોતાની ફરજ સમઝી બનતા ઉપાય લેવા જોઇએ. આ સંબંધમાં

કદાચ સ્થિતિનો સવાલ તુરતજ ધ્યાન ખેંચે તેમ છે. કેમકે એવી કેળવણી આપવાના ખર્ચને પહોંચી વળવાનું બધાથી બની શકે નહીં, એ દેખીતું છે. માટે તેવા છોકરાઓની બાબતમાં માબાપ જેવીજ નાતની ફરજ સમજી તે અદા કરવા સારૂ સામાન્ય ફંડની જરૂર જણાય, તો તે ઉભું કરવામાં તનમન અને ધનથી પોત પોતાની શક્તિ પ્રમાણે દરેક જણ મદદ કરવા ધારે, તો તે બનવા જેવું છે, કેમકે એ ફરજ અમુક વર્ગ ઉપરજ નાખવાનું વ્યાજબી ગણાય નહીં તેમજ એ પ્રમાણે કરતાં રૂપાંતર થવાથી તેનો લાભ પણ બધા છૂટથી લઈ શકે નહીં. હાલ જે ટ્રસ્ટ ફંડ છે તે બસ થાય તેમ નથી. તોપણ એ બાબતની વિગતમાં અહીં ન ઉતરતાં હાલ ફક્ત એટલી સૂચના કરવા રજા લઉં છું, કે એ ફંડ વધારવા માટે શરૂઆત તરીકે લાયક અને ખંતીલા તેમજ સ્થિતિવાળા ગૃહસ્થોની કમિટી નીમાય તો કંઈક ઉપયોગી પગલું ભરાયેલું ગણાશે.

નાતની ખાસ પુસ્તકશાળા અથવા વાંચનશાળાની બહુ જરૂર જણાતી નથી કેમકે એવી જાહેર શાળાઓ ઠેક ઠેકાણે હોવાથી તેવી સવડ સચવાઇ શકે એમ છે માટે એવા ખરચમાં ઉતરવાને બદલે કેળવણી ફંડમાં ઉમેરો થાય તે વધારે લાભકારક જણાય છે. પરંતુ જો સ્ત્રીઓના ખાસ ઉપયોગ સારૂ તેવી જરૂર જણાતી હોય તો સામાન્ય વાંચનશાળા કરતાં આપણાં ધર્મ, શાસ્ત્ર અને નીતિનાં પુસ્તકો, અને એવાં સાધનોની પુસ્તકશાળા વધારે પસંદ કરવા લાયક છે. ન્યુસપેપરોમાં છપાતી રોજંદાની હકીકત સ્ત્રીઓને જાણવાની જરૂર જણાતી નથી, એટલુંજ નહીં પણ તે વાંચવાના કરતા પોતાના ઘર કામમાંથી પરવારીને મળતો વખત સ્ત્રીઓ ભરવા ગુંથવા વગેરેમાં રોકે તો એ વખતનો સારો ઉપયોગ થાય એટલુંજ નહીં પણ સાધારણ કુટુંબોને તો મદદરૂપ થઇ પડે.

સ્ત્રી કેળવણીની જરૂર સર્વ માન્ય છે પરંતુ તેઓને ગુજરાતી કેળવણીની અને થોડું ઘણું પણ સંસ્કૃત નહીં તો બાળબોધનું જ્ઞાન આપવાની પહેલી જરૂર જણાય છે, કેમકે તેઓનું મુખ્ય કામ પોતાની સ્થિતિનો વિચાર કરીને ઘરનો બોજો ઉઠાવવાનું છે. તથા તે માટે જે વિવેક ધીરજ, સંતોષ, ડહાપણ, કરકસર, વિનય, અને છેલ્લી પણ સર્વથી પહેલી સહનશીલતાના ઉંચા ગુણોની હિંદુ કુંટુબ ચલાવવા સારૂ જરૂર છે, તે આપણા ધર્મ અને નીતિનાં પુરાણો, ઇતિહાસો અને બીજાં એવાજ પુસ્તકોમાંથી વધારે સારીરીતે મળી શકે એવું મારૂં સમજવું છે. ગૃહસ્થાશ્રમ ચલાવવા સારૂ આ પ્રમાણે આપણી દેશી કેળવણી વધારે ઉપયોગી હોવાથી તેનું સંગીન જ્ઞાન મળ્યા પછીજ જો બીજો અભ્યાસ કરવામાં આવે તો બેનો મુકાબલો કરીને ફક્ત નકલી સુધારાના ડોળમાં નહીં ફસાતાં તેઓ પોતાનો ઘર સંસાર ચલાવવામાં પરદેશી કેળવણીમાંનું પણ જે જે કંઇ વધારે ઉપયોગી જણાય તે પસદ કરી શકે એવી તેમનામાં શક્તિ આવે એમ છે.

સુધારો.

સુધારાના સંબંધમાં જે જે જુદી જુદી બાબતો આપણું ધ્યાન ખેંચે છે તેમાં આપણામાં નવોજ દાખલ થયેલો પણ વધારે જોરથી ફાટી નીકળેલો વરવિક્રયનો રિવાજ પ્રથમ વિચારમાં લેવા જેવો છે. કેમકે હાલ જોતજોતામાં તેણે જે રૂપ પકડયું છે, તે જો વગર અટકાવે જારી રહેશે, તો આપણી સ્થિતિ બગડવાને વાર લાગશે નહીં, એમ હાલની ઉડાઉ માંગણીઓ આગળ પાછળના વિચાર વગર જે રીતે પૂરી પાડવામાં આવે છે તેટલાથીજ જણાઇ આવે તેમ છે.

આવા રિવાજની ઉત્પત્તિનો વિચાર કરતાં તેનું કારણ કદાચ છોકરાઓની સંખ્યા છોકરીઓના પ્રમાણમાં કમી હોય, અથવા સારાં ઘર અને સારા વર સાથે સંબંધ જોડવા દરેકની સરખી હોંશ અને ઉતેજારી હોય, એ બેમાંથી એક હોવું જોઇએ. અને અગર જો કે પહેલી બાબત માટે નિર્ણય કરવાને મને જોઇતી હકીકત વસ્તીપત્રકમાંથી મળી નથી તોપણ વિચાર કરતાં હજી છોકરીઓનું પ્રમાણ છોકરાઓ કરતાં વધારે હોય એમ જણાતું નથી, માટે મને બીજું કારણજ વધારે સંભવિત લાગે છે કેમકે પહેલાં કરતાં આપણી સ્થિતિ ઉતરતી થવાથી, અને કેળવણી લેતા અથવા લીધેલા છોકરાઓનું પ્રમાણ કમી હોવાથી બધાનેજ પસંદ પડતાં ઘર અને વર મળી શકે નહીં એ દેખીતું છે; જેથી તે મેળવવામાં મોટા સાથે નહાના પણ ખેંચાખેંચ હરાજી માફક ચરસાચરસીથી વધી પોતાની શક્તિથી ઉપરાંત પગલાં ભરવામાં પરિણામનો વિચાર રહેતો નથી. બીજી રીતે વિચાર કરતાં એવી રીતે બારોબાર મળેલા પૈસાની જાત કમાઇ અથવા માલેકીના પૈસા જેટલી કદર સ્વભાવિક રીતે હોય નહીં, તેથી કન્યાપક્ષે પોતાની હાલની તથા પછીની જીંદગીના દુ:ખને જોખમે આપેલી રકમ પોતાની છોકરી અથવા જમાઇના ઉપયોગ સારૂ નહીં રહેતા નાતવરા અને વરઘોડામાં ખર્ચાઇ જાય છે, અને તેની સાથે આગળના વિચારવંત અને સમજુ લોકોએ છોકરીના અણધારી આફત વખતે બનતા નિભાવ આશ્રય તરીકે પલ્લાનું જે સાધન કરેલું છે તે પણ હવે કમી અથવા નામનુંજ થઇ જવાથી તે ઉપર આધાર રહી શકે તેમ નથી, માટે વધારે નહીં તો હાલ તુરતના ઉપાય તરીકે એવા પૈસા બહારોબહાર નહીં ઉપડી જતાં તેમનાજ ઉપયોગમાં આવે એવી રીતે બચાવી રાખવાનો ફરજીયાત નિયમ થવાની જરૂર છે. વળી વધારે વિચાર કરવાથી જણાશે કે એવો સંબંધ બંધાતાં બંને કુંટુંબો વચ્ચે હેત પ્રીતનો વધારો થવો જોઇએ, તેને બદલે આવી હકીકતથી બનેનાં દિલ શરૂઆતથીજ ઉંચા થઇ કાયમની વિરૂદ્ધતાનો સડો કુંટુંબમાં પેસે છે, માટે એવાં અનેક હાનિકારક પરિણામોનો વિચાર કરીને—જે પ્રમાણે એવોજ કંકાસ અને કલેશનું બી રોપનારો સ્ત્રીની પરવાનગી શિવાય બીજું લગ્ન કરવાનો રિવાજ ભરૂચની નાતે દૂરઅંદેશી વાપરીને ઉગતામાંજ ડામી દીધો હતો, અને જે પ્રમાણે એમ થવાથી તે તમામ ઠેકાણે એકસરખીરીતે હજી સુધી અમલમાં છે—તેજ પ્રમાણે આ બાબતમાં પણ નાતની ઐક્યતા વધારવા અને કલેશ કંકાસને દૂર કરવા સારૂ નિર્ણય ઉપર આવવાની જરૂર છે. માટે સ્થાનિક પંચોએ ચર્ચા કરી વધુ મતે જે ઠરાવ થાય તે બધે એક સરખી રીતે અમલમાં લાવવા વિષે જરૂરી પગલાં ભરવાં જોઇએ કે આપણે આપણી જે સ્થિતિ સારૂ મગરૂર છીએ તે જળવાઇ રહે. આ સંબંધમાં ગયા "ત્રિમાસિક"માં જે સૂચના થઇ છે તે પ્રમાણે અમલ થાય તો કિંમતી અને અસરકારક નીવડે તેમ છે; માટે પરણનાર અથવા પરણવા લાયક છોકરાઓએ આગળ પડીને પોતાના અને નાતના ભલાની ખાતર લાલચથી દુર રહીને બનતી કોશીશ કરવી જોઇએ:

આ શિવાય લગ્ન પ્રસંગે જે બાબત લેવાય છે તે હાલ અનિયમિત હોવાથી એવા સારા પ્રસંગે આપલેને વખતે તકરાર ઉભી થઇ કલેશ થાય છે, તે દૂર કરવા સારૂ અમદાવાદની નાત તરફથી ડહાપણ અને વિચાર સાથે જે નિયમો ઘડાયેલા છે તે બધે એક સરખા લાગુ પાડી સામાન્ય રીતે અમલમાં લાવવા સારૂં નાતના આગેવાન તથા પ્રતિષ્ઠિત લોકોએ પોતાથીજ તેવા દાખલા બેસાડવા જોઇએ.

આપણામાં સારે નસીએ હરકોઇ પ્રસંગે નાત જમાડવાનું ફરજીયાત નથી તેમ છતાં આબરૂ અને મોટાઇની ખોટી હરીફાઇમા તેવો ખરચ પોતાની સ્થિતિ ઉપરાંત કરવાના દાખલા બને છે, પરંતુ હાલના વખતનો વિચાર કરતાં તેવા ખર્ચો કમી કરવાની જરૂર જણાય છે, લગ્ન પ્રસંગે અગરજોકે શ્રીમંતો અને બીજાઓને ખુશાલી એક સરખી હોય છે તો પણ ખર્ચ કરવામાં સરખાપણ નહીં બતાવતાં પોતપોતાની સ્થિતિ ઉપર નજર રહેવી જોઇએ, અને એ તેમજ એવા બીજા શુભ પ્રસંગે સવારમાં દાળ ભાતનો રીવાજ આપણામાં ચાલે છે તે બહારગામનાં સગાંઓ આવ્યાં હોય તેમને માટે ઠીક છે પરંતુ ગામમાં જાથુ રહેનાર સગાંઓને માટે બિનજરૂરી છે, તેમજ ઘરના માણુસોની અસુગમતાનો વિચાર કરતાં પણુ તે રિવાજ કહાડી નાખવાની જરૂર વિષે ઘટિત વિચાર થવો જોઇએ.

આ શિવાય અશુભ પ્રસંગે થતી તમામ જમણવારો બંધ કરવાનું વિચારમાં લેવા લાયક છે. તેમજ મરણ પ્રસંગે સગાં વહાલાં અને માયા મહોબતનો દાવો રાખી મોટી સંખ્યામાં જવા આવવાનો રિવાજ ચાલે છે તેમાં પણ ઘણો સુધારો થવાની જરૂર છે કેમકે ચાલુ રિવાજથી મરનારના કુટુંબને તેઓ તરફથી દુઃખમાં ભાગ અથવા દિલાસો મળવાને બદલે ઉલટો બોજો પડે છે. માટે અમુક અમુક પ્રસંગે અમુક હદ સુધીનાં સગાનેજ આવવાની છુટ બસ જણાય છે, અને આ બાબત ખુદ સ્ત્રીઓને લગતી હોવાથી તેઓ પોતાની સારી સમજ વાપરીને એવો કંઇ નિયમ અમલમાં લાવવામાં જોઇતી મદદ કરશે, તો હાલની મુસ્કેલીઓ દુરથઇ, આપણી સ્થીતિ સુધારવાનો જે આપણો મુખ્ય હેતુ છે તેને પણ ઘણો ટેકો મળશે.

સ્વદેશી માલ.

આ વિષય સાથે "ત્રિમાસિક" માં છપાયેલી યાદીમાં સારા માઠા પ્રસંગે સ્વદેશી માલ વાપરવા સંબંધે જે ઇસારો કરવામાં આવ્યો છે તેને પરિષદના હેતુ સાથે કંઇ પણ સંબંધ નથી. અને તે વિષે વધારે બોલવા જેવું પણ નથી. કેમકે જો સૌને પોતપોતાના હમેશના ઉપયોગનો માલ પોતપોતાની મરજી પ્રમાણેનો વાપરવાની છુટ છે. તો અમુક પ્રસંગને સારૂ પ્રતિબંધ મુકવો અથવા ધોરણ બાંધવું અજુગતું ગણાય. માટે એ બાબતમાં પોતપોતાની પસંદગી પ્રમાણે ચાલવાની છુટ હાલની માફકજ સૌને રહેવી જોઇએ.

નાતની સ્થિતિ.

આપણી નાતની સ્થિતિ હાલ જોઇએ તેવી સારી નથી, તેમ બહુ ઉતરતી પણ નથી. કેમકે આશરે પચાશ વર્ષ ઉપર નાતનો કેટલોએક ભાગ અને મુખ્યત્વે કરીને વતનદાર અથવા જમીનદાર વર્ગ જે કંઇ કરજદાર હાલતમાં હતો તેટલે દરજ્જે હાલ નથી. બાદ જેમ જેમ સરકારનો અમલ જામતો ગયો અને જુદાં જુદાં ખાતાઓનું બંધારણ થતું ગયું તેમ તેમ આપણી અને બીજી મુતસદ્દી નાતોની કદર જણાવા લાગી. અને આપણે સરકારી નોકરીમાં દાખલ થવાથી બુદ્ધિ, ઉદ્યોગ અને અનુભવની મદદથી ઉંચા દરજ્જાની જગાઓ મેળવવા લાગ્યા..તે વખતે બધાજ મામલતદાર, ડેપ્યુટી કલેકટર, અથવા મુનસફ જેવી ઉંચી પાયરીએ ચ્હડતા એમ મારૂં કહેવું નથી, બલકે મોટો ભાગ તલાટી અને કારકુનની જગાઓ ઉપરજ હતો, પરંતુ તે વખતે હાલના જેવી ગૃહસ્થાશ્રમ ચલાવવાની ખર્ચાળ રીત નહીં હોવાથી, તેમજ મોંઘવારી હોવાથી આપણા લો-

કે કરજદાર હાલતમાંથી મોકળા રહી પોતપોતાની સ્થિતિ પ્રમાણે નિભાવ કરી ખાસ પ્રસંગોનો ખર્ચ પણ કહાડી શકતા હતા. પછી ૬૦ અને ૮૦ વચ્ચેની વીશીમાં આપણી સારી સ્થિતિ હતી, તે આવીજ રહેણીને અને વકીલાતના ધંધાને વધુ આભારી હતી, અને એ પ્રમાણે નોકરી અને વકીલાતનાં સારાં સાધનો વડે આપણી સ્થિતિ કંઇ ચળકતી જણાઇ. પરંતુ તે વખતના યુવકોની કેળવણી તરફ જોઇએ તેવું લક્ષ નહીં અપાયાથી, તેમ સરકારી નોકરી (અને વકીલાત) માં પણ અન્ય વર્ગોની હરીફાઇ વધવાથી, ઉંચા દરજ્જાની નોકરી સારૂ પરીક્ષાઓનું ધોરણ દાખલ થયું તેમજ વકીલાત સારૂ જે છુટ હતી તે બંધ થઇ મેટ્રિકનો પ્રતિબંધ મુકાયો એ કારણોથી, અને ઉપર કહ્યા પ્રમાણે એ વીશીમાં વયે પહોંચેલા યુવકોની પુરતી કેળવણીની ખામીને લીધે, નોકરી અને વકીલાતના દરવાજા બંધ થયા. અને તેવીજ રીતે નોકરી કરનારાઓ પણ તેવી પરીક્ષાઓ પાસ નહીં કરી શકવાથી આગળ વધતા અટકયા અને પરિણામે અગર જો કે આપણે હાલની સ્થિતિમા આવી પડયા છીએ તો પણ હજી ઉંચા દરજ્જાની નોકરીઓમાં તેમજ વકીલાતમાં છુટા છવાયા દાખલાઓ જોઇ સંતોષ માનવાનો છે, અને તેને બદલે વેપાર ઉદ્યોગ તરફ લક્ષ ખેંચાયાથી આપણી સ્થિતિ સુધરવાની જે સારી આશા રહે છે, તેમાં વધારે સારો પુરાવો અમદાવાદથી પૂરો પડે છે, કે જ્યાની આપણી નાત હવે એ તરફ તેમજ અભ્યાસમાં પણ પુરતું લક્ષ આપ્યાથી બીજાં સ્થળોની આપણી નાત કરતાં ચ્હડીઆતી થઇ છે. પણ હજી એ આટલા અનુભવ ઉપરથી આપણી ભરૂચ સુરતની આંખ ઉઘડે તો ઘણું મોડું થઇ ગયું નથી, માટે જે વખત જાય છે તેમાં આપણે આપણી ભૂલ સુધારી ખોયેલી સ્થિતિ પાછી મેળવવાને યત્ન કરીશું તો તેનું ફળ વહેલું મોડું મળવાની આશા રાખી શકાય એમ છે, અને આપણો સ્થિતિ સુધારવાનો હેતુ પાર પાડવાનું મુખ્ય સાધન ઉંચી કેળવણી હોવાથી તેનો લાભ જેમ બને તેમ વધારે છોકરાઓને મળી શકે તેવો ઉપાય હાથ ધરવા સારૂ જે સાધનની જરૂર છે તે મેળવવાને ઉપર કહ્યા મુજબ ચાલુ ટ્રસ્ટ ફંડને સારી સ્થિતિમાં લાવવાનો મોટો સવાલ રહે છે, તેમજ ખાસ પ્રસંગોએ થતાં બિનજરૂરી ખર્ચ કહાડી નાખી, બાકીનામાં પણ કરકસર અને સાદાઇથી કામ લેવામાં આવશે તોજ સ્થિતિ સુધરી શકે તેમ છે.

નહાનો સાથ.

દશાની નાતને આપણામાં ભેળવી દેવાનો સવાલ જેવો જરૂરી છે તેવોજ ગુંચવણ ભરેલો છે, ને તેથી એ સવાલ ગઇ પરિષદ વખતે હતો છતાં તેટલેથીજ અટકેલો જણાય છે. પરંતુ તેમ નહીં થતાં દરેક ઠેકાણાના પંચોના અભિપ્રાય મેળવવામાં આવ્યા હોત તો આજ સુધીમાં અથવા હાલના પ્રસંગે નીકાલ થઇ શકત. હવે એ લોકો આપણાથી, કેવા કારણથી અને ક્યારે છુટા પડયા વગેરે હકીકત જરૂરની હોવાથી તે મેળવી નિકાલ કરવાનું હાલની બેઠકમાં બનવું અશકય છે. માટે તે મેળવવાની તજવીજ થશે તો નિકાલ જલદી આવે તેમ છે.

વસ્તીપત્રક.

નાત સંબંધી જુદી જુદી વિગતો મેળવવા સારૂ વસ્તીપત્રક ઘણુ જરૂરતું જણાય છે અને સુધારાને લગતી બાબતોમાં નાતની સ્થિતિ છોકરા છોકરીનું પ્રમાણ અને એવીજ બાબતોની

જરૂરનો વિચાર કરતાં વસ્તીપત્રક શિવાય હાલની ખોટ પુરી પડી શકે તેમ નથી માટે તે બાબતના નમૂના બધે એક સરખા કરીને તૈયાર કરવાનું દરેક સ્થળના પંચે ધ્યાનમાં લેવાની જરૂર છે.

"ત્રિમાસિક."

તેવીજ રીતે નાતને લગતી બાબતો બહાર લાવવા માટે તે સંબંધમાં ઉપયોગી સુચના અને ઉપાયો બતાવવા–ચર્ચાવા–નું મુખ્ય સાધન "ત્રિમાસિક પત્ર" હોવાથી તે જારી રાખવાની જરૂર દેખીતી છે, એટલુંજ નહીં પણ તેને ઉત્તેજન પણ મળવું જોઇએ એમ હું ધારૂં છું.

સંયુકત અને જાથુનું બંધારણ.

આ બાબતનું પહેલુ પગથીઉ ઐક્યતા છે. અને તેથી હું શરૂઆતમાં કહી ગયો છું તેમ સંબંધ વધારવા અને એક સરખા નિયમો ચલાવવા સારૂ જે સવાલ ઉભા થાય તેનું નિરાકરણ કરવા સારૂ દરેક ઠેકાણાના અભિપ્રાયો મેળવી વધુ મતથી થયેલો ઠરાવ અમલમાં આવે, તો તેવું બંધારણ થઇ શકે તેમ છે. માટે એ વાત ધ્યાનમાં રાખી અમલમાં લાવવાની જરૂર છે.

ઐક્ય.

થોડા વખતમાં આપણું કામ આટોપી શકાય તેવા હેતુથી બને તેમ ટુંકાણમાં દરેક બાબતની હકીકત મારા તરફથી બતાવવામાં આવી છે, તેમજ જોઇતી હકીકતની ખામીને લીધે આંકડા તથા દાખલા દલીલો શિવાય વધારે કહેવાને બની શકયું નથી, માટે આ પરિષદમાં મારા તથા બીજા ગૃહસ્થો તરફથી જે જે સૂચનાઓ થાય તે તરફ ઘટતું લક્ષ અપાઇને વ્યવહારી રીતમાં મુકવા સારૂ જરૂરી પગલાં ભરવામાં આવે તો આપણે આપણા વખતનો સારો ઉપયોગ થયેલો સમઝીશું માટે ભિન્નતાને દૂર કરીને એક વિચાર ઉપર આવવું એવી મારી છેવટની વિનંતિ છે.

પ્રમુખ સાહેબનું ભાષણ પુરૂ થયા બાદ કયા કયા વીષયો ઉપર વીચાર કરવો તે નકી કરવાને માટે નિચેના સદ ગૃહસ્થોનું એક વીષય નક્કી કરનારૂં મંડળ નીમવામાં આવ્યુ અને વિષયો નક્કી કરવામાં આવ્યા.

સુરત.

રા. રા. માણેકલાલ ગોકળદાસ
,, ,, સહીપતરાય હકુમતરાય
,, ,, નરસીલાલ હરદેરામ
,, ,, રતીલાલ માધવલાલ
,, ,, માણેકલાલ પ્રાણશંકરરાય
,, ,, ધીરજલાલ ઉમેદરામ
,, ,, છગનલાલ માણેકલાલ
,, ,, ત્રીકમલાલ ચંદુલાલ

અમદાવાદ.

દિ. બા. અંબાલાલ શાકરલાલ
રા. રા. પ્રાણશંકર લલુભાઇ
રા. રા. બળવંતરાય પરમોદરાય
રા. રા. મણીલાલ અજીતરાય
,, ,, કૃષ્ણલાલ નરસીલાલ
,, ,, જીવણલાલ હરીપ્રસાદ

ભરૂચ.

રા. બા. મોતીલાલ ચુનીલાલ
રા. રા. હીરાલાલ સંતોકરાય
રા. રા. કૃષ્ણલાલ કીરપારામ
રા. રા. અંબાશંકર ઉતમરામ
,, ,, ચીમનલાલ હરદેવરામ
,, ,, બળવંતરાય કલ્યાણરાય

આમોદ.

રા. રા. બલવંતરાય નરોતમદાશ
રા. રા. ધીરજલાલ ચીમનલાવ

લીમડી.

રા. રા. ત્રંબકલાલ જાદવરાય
રા. રા. કલાણરાય ભુરાભાઇ

વીષયો અને તે ઉપર બોલનારાઓના નામો.

વીષય ૧

આ પરીષદ આપણી જ્ઞાતીની ખરેખરી ઉન્નતીના ઉપાય દાખલ હરેક જાતની કેળવણી, સારીરીક, માનસીક અને ધર્મની તેમજ હુંન્નરની અને ઉંચા પ્રકારની કેળવણીને તથા ઘરની અને નિશાળની કેળવણીને સ્ત્રી અને પુરૂષ બંન્નેને અર્થે ઘણી અગત્યની ગણે છે, અને તે ઉપર નીરંતર પુરેપુરૂં ધ્યાન આપવાને નાતના દરેક ભાઇઓને આગ્રહ પુર્વક ભલામણ કરે છે.

દી. બા. અંબાલાલ શાકરલાલ	રજુ કરનાર.
રા. રા. મણીલાલ અજીતરાય	ટેકો આપનાર.
,, ,, બળવંતરાય કલાણરાય	,,
,, ,, કૃષ્ણલાલ કીરપારાય	,,
,, ,, અંબાશંકર ઊતમરામ મલજી	,,
,, ,, બલવંતરાય પ્રમોદરાય	,,
,, ,, ત્રીકમલાલ હરીનાથ ઠાકોર	,,
,, ,, અંબાશંકર હરપ્રસાદ વકીલ	,,

વિષય ૨

કેળવણી અને ન્યાતના હિત માટે સેનીટેરીયમ વાડી વીગેરે બાંધવા માટે અને નિરાધાર ને આશ્રય આપવા સારૂ સ્થાનિક ફંડો અને ન્યાત સમસ્ત માટે મ્હોટા એકત્ર ફંડની દેખીતી જરૂર છે, અને એવા ફંડો શી રીતે કરવા અને વધારવાં અને તેની વ્યવસ્થા કેવા પ્રકારની કરવી, એ સવાલ તરફ આ પરીષદ સર્વ ન્યાતનાં બંધુઓનું ખાસ ધ્યાન ખેંચે છે.

દિ. બા. અંબાલાલ ઠાકરલાલ — રજુ કરનાર.
રા. રા. અંબાશંકર ઉત્તમરાય — ટેકો આપનાર.
„ „ પ્રાણશંકર લલુભાઇ — „
„ „ ધીરજલાલ ચીમનલાલ — „
„ „ ચીમનલાલ હરદેરામ — „

વિષય ૩

કેટલેક સ્થળે કેટલાક વરવાળા કન્યાવાળા પાસેથી ન્યાતના રિવાજ ઉપરાંત રકમો લે છે, તે દુષ્ટ ચાલ જેમ બને તેમ જલદીથી અટકાવવાની ખાસ જરૂર છે એમ આ પારષદનું માનવું છે.

રા. બા. મોતીલાલ ચુનીલાલ — રજુ કરનાર.
રા. રા. મણીલાલ અજીતરાય — ટેકો આપનાર.
„ „ પ્રાણશંકર લલુભાઇ — „

વિષય ૪

રોવા કુટવાના રિવાજો સુરતમાં જે પ્રમાણે છે તેથી વધારે આકરા રીવાજો હોય ત્યાં તેને બદલે આવા, બલકે આથી પણ નરમ રિવાજો દાખલ કરવાની આ પરિષદ તે સ્થળોના પંચોને ભલામણ કરે છે.

રા. રા. સહીપતરાય હકુમતરાય — રજુ કરનાર.
રા. રા, પ્રાણશંકર લલુભાઇ — ટેકો આપનાર.
રા. રા. રતીલાલ માધવલાલ — „
રા. રા. સહીપતરાય જાદવરાય — „

વિષય ૫

શુભ અશુભ પ્રસંગે આપણી ન્યાતમાં વધારે ખરચ થાય છે, તેમાંથી કેટલાક તદન કમી કરવા જેવા અને ઘણા ખરા ઘટાડો કરવા જેવા છે, એમ આ પરિષદનું માનવું હોવાથી એ ખરચ જેમ બને તેમ ઓછું કરવા તથા અટકાવવા આ પરિષદ સર્વ સ્થળોનાં ક્ષત્રિય બંધુઓને ભલામણ કરે છે.

રા. બા. મોતીલાલ ચુનીલાલ — રજુ કરનાર.
રા. રા. મણીલાલ અજીતરાય — ટેકો આપનાર.
રા. રા. બળવંતરાય કલ્યાણરાય — „

વિષય ૬

ન્યાતનું વસ્તી પત્રક કરવાની ઘણી જરૂર છે.

રા. રા. રતીલાલ માધવલાલ — રજુ કરનાર.
„ „ કૃષ્ણલાલ કીરપારામ — ટેકો આપનાર.

વિષય ૭

નાના સાથને આપણી સાથે પંક્તિમાં ભેગા બેસાડવા એ છુટ છે?

રા. રા. મણીલાલ અજીતરાય — રજુ કરનાર.
રા. રા. ત્રંબકલાલ જાદવરાય — ટેકો આપનાર.

(ત્યાર પછી બોલનારા બીજા ગૃહસ્થોના નામ.)

રા. રા. ધીરજલાલ ઉમેદરામ　　રા. રા. બળવંતરાય રામજીભાઇ
રા. રા. અંબાશંકર હરપ્રસાદ　　દિ. બા. અંબાલાલ શાકરલાલ
રા. બા. મોતીલાલ ચુનીલાલ

વિષય ૮

આપણી જ્ઞાતીના કેટલાક ગૃહસ્થોએ "બ્રહ્મક્ષત્રિય ત્રિમાસીક પત્ર" કહાડવામાં જે ઉત્સાહ બતાવ્યો છે, તે માટે આ પરિષદ તેઓને ધન્યવાદ આપે છે. અને ભવિષ્યમાં એ પત્ર જ્ઞાતી જનોને ઉપયોગી થઇ પડે માટે ત્હેના પ્રવર્તકોને બનતી મદદ કરવા પ્રત્યેક જ્ઞાતીજનને ભલામણ કરે છે.

(પ્રમુખ તરફથી દરખાસ્ત રજુ કરવામાં આવી.)

વિષય ૯

જુદે જુદે સ્થળે આપણી ન્યાતના જુદા જુદા રિવાજો ચાલે છે, તેને બદલે બધે સ્થળે એક સરખા રિવાજો ચાલતાં થાય એવાં પગલાં લેવાની પરિષદ ભલામણ કરે છે.

(પ્રમુખ તરફથી દરખાસ્ત રજુ કરવામાં આવી)

વિષય ૧૦

ન્યાતની અંદરના સર્વ જાતનાં કજીઆનો નિકાલ બનતા સુધી ન્યાતની લવાદીથી કરવો, એમ ન્યાતના ભાઇઓને આગ્રહ પુર્વક આ પરિષદ ભલામણ કરે છે.

રા. રા.	અંબાશંકર હરપ્રસાદ	રજુ કરનાર.
,, ,,	મગનલાલ કુર્ણારાય	ટેકો આપનાર.
,, ,,	ગીરધલાલ હરીનાથ	,,
,, ,,	રતીલાલ માધવલાલ	,,

તા. ૩૦ મીને રોજ બપોર પછીની બેઠક.

ઠરાવ. ૧ કેળવણી વીષે.

" આ પરિશદ આપણી બ્રહ્મક્ષત્રી જ્ઞાતીની ખરેખરી ઉન્નતીના ઉપાય દાખલ હરેક જાતની કેળવણી શારીરીક-માનસીક ને ધર્મની તેમજ હુન્નરની તથા ઉંચા પ્રકારની કેળવણીને તથા ઘરની અને નીશાળની કેળવણીને સ્ત્રી અને પુરૂષ બન્નેને અર્થ ઘણી અગત્યની ગણે છે અને તે ઉપર નીરંતર પુરેપુરૂ લક્ષ આપવાને ન્યાતના દરેક ભાઇઓને ભલામણ કરે છે."

ઉપર પ્રમાણેનો ઠરાવ રજુ કરતા દી. બા. અંબાલાલ શાકરલાલે નીચે પ્રમાણે ભાષણ કર્યું.

" આજ જો બીજુ મંડળ ભરાયું હોત તો આ વીષય ઉપર મ્હારે વધારે બોલવું પડત પણ જે ન્યાતની અંદર કેલવાએલા પુરૂષો છે તેવી ન્યાતમાં કેળવણીના વિષય ઉપર લંબાણ

ચર્ચા ચલાવવાની કંઇ પણ જરૂર હું જોતો નથી દુનીઆની અંદર ખરી મોટાઇનો પાયો કેળવણી છે તે આપ બધા સારી રીતે જાણો છો, બીજા ઘણા રસ્તાઓ છે, અને તે રસ્તે જવાથી જુદી જુદી તરેહના ફાયદા થાય છે પણ કેલવણીથી જે ફાયદો મળે છે તે કાયમનો હોય છે અને તેવો હમેશનો અને કાયમનો ફાયદો બીજે રસ્તે મળવો અસંભવીત છે, વળી આપણે બીજી પણ એક વાત ધ્યાનમાં રાખવી જોઇએ કે દેશની મ્હોટાઇ માણુસો વડે છે અને ખરા માણુસો કેલવણી થીજ પેદા થાય છે. અસલ જે અમેરીકા હતું તેજ અમેરીકા ખંડ હાલ હયાત છે પણ તે વખતના લોકો જંગલી હતા અને તેજ કારણથી તે ખંડ મહાન ગણાતો નહિ; પરંતુ હાલ તેજ અમેરીકામાં કેલવાયલા લોકો જઇને રહ્યા છે ત્યારે તેની સ્થીતિમાં અણુ ધાર્યો ફેર આપણને માલમ પડે છે ઇંગ્લાડમાં પણ અસલ તેમજ હતું રાજા તેમજ પ્રજા જંગલી અવસ્થામાં હતા; પણ તેજ ઇંગ્લાડની પ્રજા હાલ આગેવાન કેમ ગણાવા માંડી ? આપણા લોકોમાં પણ એજ પ્રમાણે થયું છે. અસલ આપણે નગ્ન સ્થીતીમાં ફરતા હતા અને પાછળથી આપણામાં સારા સંસ્કાર થયા અને આપણે સુધરવા માંડયું. કેળવણીનો પ્રચાર વધતો ગયો અને તેની સાથે આપણે પણ આગળ વધવા માંડયું. ત્યાર બાદ થોડા વખત પછી ગમે તે કારણસર આપણે સ્થાયી થતા ગયા અને આપણા ભણતરપર કાટ ચ્હડી ગયો.

કેળવણી એક પ્રકારની નહિ પણ ત્રણ પ્રકારની જોઇએ. શારીરીક, ધાર્મિક અને માનસીક– શારીરીક કેળવણીમાં આપણે અસલના આદમીઓ કરતાં બહુ પછાત પડયા છીએ. ક્ષત્રીના બચ્ચા વેંત છાતીવાલા ને ક્ષત્રાણી મજબુત શરીરની ન હોય તો તેઓ ક્ષત્રીના નામને લાયક નથી આપણે આપણા શારીરીક બળની દરકાર ન કરી ને હજુ પણ કરતા નથી. આપણે શરીર કેળવી આપણા પુર્વજોના જેવા અરે કાબુલીઓ જેવા થવું જોઇએ. લેસન ગોખવાનું હોય તો આપણે કેવું ગોખીએ છીએ પણ શરીરની દરકાર કરતા નથી અને કમતાકાત થતા જોઇએ છીએ, શરીર કેળવવાથી આયુષ્ય વધે છે માટે દરેક માણસે તે ઉપર પુરતું લક્ષ આપવા જરૂરછે. સત કર્મોથી શરીર સુધરે છે અને બદ કર્મોથી શરીર બગડે છે તે પણ ધ્યાનમાં રાખવું જોઇએ.

લલાટે જે લેખો લખ્યા હોય છે તેમજ બધું થાય છે એમ નથી પણ આપણી કર્ણી તેવીજ પાર ઉતરણી થાય છે. હું પ્રભુ પાસે માંગુ છું જે સર્વો ૧૦૦ વર્ષ જીવો. પણ અનુભવ શુ કહે છે તે જુવો. આપણું આયુષ્ય શરેરાંશ ૪૦ વર્ષનું બંધાયું છે અને તેનું કારણ આપણી શારીરીક કેલવણીની બે દરકારી છે. આપણી ન્યાતની સ્ત્રીઓના શરીર તપાસીએ તહેમાની કેટલીઓતો પીડીત ફીકી અને નબળી માલુમ પડે છે. આપણી ઉંચ કોમની સ્ત્રીઓ આવી હોય છે. ત્યારે આથી ઉલટુ મજુર વર્ગના શરીર કેવા મજબુત અને તંદુરસ્ત હોય છે. તેઓ બે મણનો ભાર ઉંચકી સપાટાબંધ ચાલી જાએ ત્યારે અહી તો ખાલી હાથે ધીરે કીડીની ગતીએ ચાલે આપણે તેનાથી વધારે સારા કયારે કે જ્યારે એમનાથી વધારે મજબુત થઇએ. સ્ત્રીઓના શરીર ખરાબ હોવાને લીધે આપણો ક્ષય થશે. જ્યારે જુવાન સ્ત્રીઓમાં હીસ્ટીરીયા વીગેરે રોગોએ ઘર ઘાલ્યું છે અને ટપોટપ સુવાવડમાં મરવા માંડયું છે. ત્યારે પછી આપણી કોમની વૃદ્ધી કેમ થશે ! સીતા માતાને વશીષ્ટ મુનીએ આશીર્વાદ આપ્યો હતો જે વીરમાતા થજો હાલ બે રોટલી ખાય એવી, હાલી ચાલી શકે નહિ એવી નીર્બળ, જેના મ્હો ઉપરથી લોહી ઉડી ગયુ હોય તેવી ક્ષત્રાણીઓ વીરમાતા કયાંથી થશે ? આપણા બાળ બચ્ચાનું હીત સુધારવું હોય તો પ્રથમ સ્ત્રીઓના શરીર ખીલવો.

હવે હું મનની કેળવણી વિષે બે બોલ કહીશ આપણે ઉંચ કોમના હોવાનું ગુમાન રાખીએ છીએ. ત્યારે આપણામાં સરસમાં સરસ નરો હોવા જોઇએ ન્યાતના બંધારણને લીધે આપણી નજર ટુકી થઇ ગયેલી છે. અને ન્યાત સીવાય આગળ નજર આપણી પહોચતી જણાતી નથી. આપણી સરખામણી બીજી ન્યાતો સાથે શા માટે ના કરવી ? કયાં છે આપણામાં ટોડરમલ અને બીજા અસલના મહાન પુરૂષો જેવા પુરૂષો, આપણે રાજ્ય કરી શકતા અને હાલ આપણે કેવી ગતીએ પહોચ્યા છીએ તે વીચારો આપણે બુદ્ધીમાં બીજાને ટક્કર ના મારીએ તો ક્ષત્રી શેના ?

ઉંચા પ્રકારની કેલવણી મેલવવી એ જરૂરનું છે. હું મેટ્રીકને ઉંચા પ્રકારની કેળવણી નથી ગણતો પણ એલ એલ બી વીગેરે થાય તેનેજ ઉચી કેલવણી લીધી એમ હું ગણું છું કેટલાક કાચા ફળના વખાણ કરે છે ને કેટલાક સ્હેજ રાતા ફળને પાકા ગણે છે આપણે તેમ કરવુ ના જોઇએ બીજી કોમો કરતાં આપણે કેલવણીમાં આગળ વધ્યા છીએ પણ જેવી જોઇએ તે પ્રમાણમાં નથી. આપણે સર્વો પરી કેંમ ના થઇએ ? હુન્નર કળામાં આપણે પછાત પડવું ના જોઇએ આપણામાં એલ. સી. ઇ. થશે અને થયા છે પણ તેઓ પાછળથી શુ કરે છે મામલતને માટે તેઓનો પ્રયાસ વખાણવા લાયક નથી. નોકરી કરતા આવ્યા છીએ તેથી નજર ટુકી છે. કેળવણી મન ખીલવીએ તો ઉંચો લોભ કેમ ના રાખવો. નોકરીની લલુતા રાખ્યા વગર હુન્નર કળા શીખી સ્વતંત્ર ધંધો કરતા શીખવું જોઇએ.

ધર્મની બાબતમાં આપણે પછાત છીએ હું તે પર બહુ નથી બોલતો. પણ એટલું તો કહેવું જોઇએ જે ધર્મ શીવાય આપણી ઉન્નતી નથી.

આપણે કેલવણી લીધી પણ આપણી સ્ત્રીઓનું આપણે શું કર્યું તેપર આપણે વીચાર કરીએ. આપણે ગમે એટલું કુદીએ પણ આપણને સ્ત્રી સાંકળ પાછી ખેંચે છે. નરસીંહ કુદશે પણ સ્ત્રી સાંકળ કુદવા કેમ દેશે. આપણે સુધારો નથી કરી શકતા તેનું કારણ ચોખ્ખું છે આપણી અભણ સ્ત્રીઓ આપણને ફાવવા નથી દેતી. જેની સ્ત્રી અભણ હોય તેનો છોકરો ગ્નાની થાયજ નહિ. સ્ત્રી કેળવણી ઘણી અગત્યની છે માના સંસ્કાર છોકરા પર થવાનાજ. કેળવણી નીશાળમાંજ નથી મળતી. કેળવણી વડે બુદ્ધી વધે છે અને બુદ્ધી વધે માણસ વધે છે. કેળવણી પાંચ કે સાત વર્ષ પછી આપવી જોઇએ એમ માનવું ભુલ ભરેલું છે. એતો જન્મથીજ અપાય છે. કોઇએક ઘેર બધા ભાઇઓ હુશીઆર હોય છે ત્યારે બીજે ઘેર મુર્ખનું ટોળું હોય છે. આનું કારણ કોઇ પરમેશ્વરની અવકૃપા નથી. સુરતમાં મોદીજીનું કુટુંબ છે તેના સઘળા પુરૂષો ઉમદા ખવાસના અને કેળવાયલા છે. વડોદરામાં કેરશાપજીના પુત્રોને જોશો તો પણ માહરા કહેવાનું સત્ય માલમ પડશે. નાનપણથી છોકરાને કેળવવાનું આ ફળ છે. આપણામાં મરદ સંભાળ રાખી શકતો નથી ને બૈરાને આવડતું નથી ઘરની રહેણી કહેણીની અસર છોકરાઓ ઉપર થયા વગર રહેતી નથી આ ઘર કેલવણી કેલવાયલી સ્ત્રીઓ જ્યાં હોય ત્યાંજ મળી શકે છે.

શાળાની કેળવણી પણ આપણામાં જોઇએ તેટલી નથી વળી આંપણામાં વર માટે બુમ મારવામાં આવે છે. વરની સંખ્યા ઓછી નથી પણ ભણેલા વર ઓછા છે. તેથી વર વાળા વર વાંકડા માંગે છે. એ કીમત હમણા બહુજ ભારે થઇ પડી છે, આ કીમત ઓછી કરવી હોય તો ભણેલા વર વધારો આમાં અર્થ શાસ્ત્રનો નીયમ સમાયલો છે. ઓછા વર અને માંગણી વધારે માટે ભાવ વધારે છે. વર વધે ભાવ ઘટશે.

આપણી કેલવણી, કયારે અટકશે તેનો પણ વીચાર કરવો જોઇએ. બી. એ. થયા બીજી પરીક્ષાઓ પસાર કરી પણ તેથી શું આપણી કેલવણી પુરી થઇ ગઇ? ડાહ્યા નરો જીવે છે ત્યાં સુધી શીખે છે નાનપણુથી જો આવી ટેવ પાડી હોય તો પાછળથી કંટાળો નહિ આવે. દુનીઆ સ્વાર્થી છે અને આપણી ભુલો કોઇ આપણે બતલાવતું નથી. તેવી ભુલો સતસંગ કર્યા વીના જવાની નથી. તે સતસંગ માટે કોઇ પુરૂષ પાસે જવું નથી પડતું. ચોપડીઓ દ્વારા મહાન પુરૂષો બોલે છે. આ ચોપડીઓ વાંચીએ એટલે સતસંગ કર્યો કહેવાશે આ જીંદગી પર્યંત કરવાનું છે, ને તેમ કરેથીજ આગળ આપણું ભલું થશે.

રા. રા. મણીલાલ અજીતરાયે આ ઠરાવને અનુમોદન આપતા જણાવ્યુંજે "હું ફ્કત ધર્મની કેળવણી વીષે બોલીશ, તે બાબતમાં મત ભેદ ઘણા છે જુના વીચારવાળા એક વાત કહે છે ત્યારે હાલની નવી કેળવણી પામેલા યુવાન વર્ગ જુદુજ કહે છે હાલના આચારને તેઓ નકામા ગણે છે. તેને ઉપરના ઢોંગ છે એમ તેઓ માને છે. તેઓ શું કહે છે અને શું માને છે, તે પર લક્ષ ન દેતાં ધર્મ શું કરે છે અને શા કામનો છે તે તપાસીએ. તે ઇંદ્રીઓ, શરીર અને મનને નીયમમાં રાખે છે. દરેક ધર્મ એજ કામ કરે છે. જનોઇ, નહાવું, ચાલ્લો વીગેરે વીગેરે આચારો આપણે હીંદુ છીએ એમ દેખાડે છે. આ આચારની શી જરૂર છે એમ ઘણા કહે છે. જનોઇ શા કામના છે એમ તેઓ પુછે છે. દરરોજ નહાવુ તે શુદ્ધ થવા ખાતર છે એમ તમે કહો તો તે વાત તેમને માન્ય છે પણ ટાઢ પડતી હોય ત્યારે અખાડા કરનારા પણ મળી આવશે. ચાંલ્લા વીગેરેને તો તેઓ તદ્દન હસીજ કહાડે છે. આપણા વીચાર સારા હોય પણ જો આચારને તજી દઇએ તો પાછળથી પશુવૃતી પ્રાધાન્ય પદ ભોગવશે એ તો આચારવડેજ આપનું દૈવી ભાગ્ય આગળ પડે છે અને પશુવૃતિએ દબાય છે માટે તે કાંઇ તજવા જેવા નથી. આપણે હીંદુ છીએ અને જો હીંદુ કર્મ આપણે ન કરીએ તો આપણે હીંદુ તરીકેની આપણી ફરજોમાં ચુકયા ગણાઇશું. આધુનીક કેલવણી પામેલા ક્ષત્રી ભાઇઓના સંસ્કાર સારા હશેજ પણ જો તેવો સારા આચારોની મદદ નહિ લેતો તેવો ઉછરતી પ્રજા ઉપર સારી છાપ બેસાડી શકશે નહિ આ માટે દરેક ભાઇએ ધર્મની કેળવણી લઇને પોતાના આચાર વીચારને સુદ્ધ બનાવવા પ્રયત્ન કરવો જોઇએ.

ત્યારબાદ તે વીષય ઉપર રા. રા. બળવંતરાય કલ્યાણરાય ઠાકોર રા. રા. કૃષ્ણલાલ કીરપારામ ઠાકોર, રા. રા. અંબારાંકર ઉત્તમરામ મલજી, રા. રા. અંબાશંકર હરપ્રસાદ, રા. રા, ત્રીકમલાલ હરીનાથ ઠાકોર અને રા. રા. બળવંતરાય પરમોદરાય ઠાકોર બોલ્યા હતા પછીથી મત લેતા તે ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

ઠરાવ ૨.

કેળવણી અને ન્યાતના હીત માટે સેનીટરીયમ વાડી વીગેરે બાંધવા માટે અને નીરાધારને આશ્રય આપવા માટે સ્થાનીક ફંડો અને ન્યાત સમસ્થ માટે મોટા એકત્ર ફંડની દેખીતી જરૂર છે અને એવા ફંડો શી રીતે કરવા અને વધારવા અને તેની વ્યવસ્થા કેવા પ્રકારની કરવી એ સવાલ

તરફ આ પરીષદ સર્વ ન્યાતના બંધુઓનું ખાસ ધ્યાન ખેંચે છે.

આ વીષય રજુ કરતાં દી. બા. અંબાલાલ સાકરલાલે એક અસરકારક ભાસણ કર્યું હતું અને તેમાં તેઓએ કહ્યું હતું જે " ન્યાતના ભાઇઓને હવા ફેર કરવાનું સુગમ પડે એટલા માટે એક સેનીટરીયમની ખાસ જરૂર છે; અને હાલ ગલીચ જમીન ઉપર બેસી ભોજન લેવામાં આવે છે તેને બદલે વાડીઓ કરાવવાની પણ જરૂર છે. તેમજ કેટલાક ગરીબ માબાપો પોતાના છોકરાઓને ઉંચી કેળવણી નથી આપી શકતા તેવાઓને મદદ કરવી એ આપણી ફરજ છે. આ ત્રણે કામ માટે ફંડ જોઇએ. આ ફંડ બે પ્રકારના થઇ શકે. ગામવાર નાના ફંડો અને સમસ્ત ન્યાતીનું મોટું ફંડ. નાના ફંડોમાંથી વાડીઓ કરી શકાય અને હાઇસ્કુલ સુધીની કેળવણી લેવાને માટે ગરીબ યુવકોને મદદ કરી શકાય અને મોટા ફંડમાંથી બાકીના બે કામ કરી શકાશે. ઉતાવળ ન કરવી પણ ધીમે ધીમે કામ કરવાને માટે તેમને આગ્રહ કર્યો હતો તે બોલ્યા "દુનીઆની ગતી ધીમીજછે. સુધારો ઉતાવળે થતો નથી. સૌએ સાથે ચાલવાનું છે ઘણાનો સમુહ ચાલતો હોય ત્યારે ગતી ધીમીજ થાય છે. જો કે તે ફાયદો ઘણો થોડો હોય છે તોપણ તે કાયમનો હોય છે. આપણે બધા આગળ વધી શકીશું. આવા ફંડ હાલમાં નહિ હોવાને લીધે ગરીબો પાછળ પડે છે અને તેથી ગેરલાભ આપણુનેજ છે. આ ફંડ સૌનાજ છે બીજા ભલે ભરે તેમાં આપણે શું એવો ખ્યાલ કોઇએ રાખવો નહિ. આપણે ટકી છીએ અને આપણામાં એવી વૃતી નથી. બેશક દરેક આદમી તેને મદદ કરવાને ઇંતેજાર છે પછી ફુલ નહિ તો પાંખડી આપશે. આપણે આ બાબતમાં પારસી લોકોનું અનુકરણ કરવાનું છે. તેઓ એ કેટલા મોટા ફંડો કરેલા છે. આપણે ન્યાતવરામાં અને લહાણાના ખર્ચ કરી ફુલાઇએ છીએ તેના કરતા આવા ફંડોમાં મદદ કરવામાં માન સમજતા થઇશું એટલે દીનપ્રતીદીન તે ફંડો વધ્યાજ જશે અને આગળપર સૌને લાભકારી થઇ પડશે.

આ દરખાસ્તને અનુમોદન આપતા રા. રા. અંબાશંકર ઉત્તમરામ મલજીએ ફરીયાદ કરી કે શરમને લીધે કેટલાક તેવા ફંડોની મદદ લેતા નથી તેમજ ખાનગી મદદ પણ લેતા નથી. અને પછીથી આ હરકત દુર કરવાને માટે તેમને નીચે પ્રમાણે રસ્તો સુચવ્યો હતો. " આપણે કોઓપરેટીવ બેંક જેવી કોઇ સંસ્થા ખોલવી અને તેની અંદર ન્યાતના હોંસીલા સદગૃહસ્થોને પૈસા ધીરવાને માટે વીનંતી કરવી–તેમના પૈસા જશે નહિ એવી તેમને ખાત્રી આપવી અને આ બેન્કે ન્યાતના ગરીબ વર્ગને કેળવણી માટે પૈસા ધીરવા. જેવો એમને એમ મદદ લેતા શરમાય છે અને જેવો ધર્માદાના પૈસા લેવા ના કહે છે તેઓને આ બેન્ક પાસેથી પૈસા લેવામાં નાનમ લાગશે નહિ. ત્યાં વ્યાજે પૈસા લેવાના છે અને થોડું વ્યાજ ભરવું પડે એ તેમને ફાયદો છે."

રા. રા. પ્રાણશંકરે તે દરખાસ્તને ટેકો આપતા જણાવ્યું જે જમણવરાની અંદર જ્યારે આપણે પુષ્કળ પૈસા ખરચીએ છીએ ત્યારે આવા ફંડોને મદદ કરવામાં આપણે પછાત પડીશું નહિ.

ત્યાર બાદ રા. રા. ધીરજલાલ ચીમનલાલે ટેકો આપ્યો અને મત લેતા દરખાસ્ત સર્વાનુમતે પસાર થઇ હતી.

ઠરાવ ૩.

કેટલેક સ્થળે કેટલાક વરવાળા કન્યાવાળા પાસેથી ન્યાતના રીવાજ ઉપરાંત રકમો લે છે તે દુષ્ટ ચાલ જેમ બને તેમ જલદીથી અટકાવવાની ખાસ જરૂર છે. એમ આ કોનફરંન્સનું માનવું છે.

રા૦ બા૦ મોતીલાલ ચુનીલાલે આ દરખાસ્ત રજુ કરતી વખતે તે રીવાજને સખત વખોડી કહાડયો અને પારસીઓની હાલની સ્થીતી તરફ ધ્યાન ખેચ્યું હતું. તે આમાં વર વાંકડો વધતો વધતો આઠ દશ હજારની મોટી રકમ સુધી પહોંચ્યો છે તેથી ઘણી સ્ત્રીઓ કુમારી રહી જાય છે જે સબબને લીધે આ વખતના વસ્તીપત્રક તરફ જોતાં તેમની વસ્તી ઘટી ગયેલી લાગે છે આવી સ્થીતીપર આપણે ના પહોચીએ માટે તેઓએ ન્યાતના વીદ્વાન માબાપને યુવકો ને છોકરા વેચવાની બલકે હરરાજી કરવાની આ હાનીકારક બદીને દુર કરવાનો આગ્રહ કર્યો.

રા૦ મણીલાલ અજીતરાયે એને અનુમોદન આપતી વખતે અમદાવાદના પંચે પસાર કરેલા ખરડા તરફ સર્વેનું લક્ષ દોર્યું હતું. તેમાં સહી કરનારાઓએ તેને પાળવા માટે સોગંદ ખાધા હતા પણ તે હાલમાં જોઇએ તેવો પળાતો નથી તેથી એમને પોતાનો શોક પ્રદર્શીત કર્યો હતો. અને હાલના યુવકોને બીજાની ખાતર નહિતો પોતાના વૃધ્ધ પીતાઓ જેઓએ તે ઉપર સહી કરી હતી અને સોગંદ ખાધા હતા. તેમના વચનની ખાતર—આ દુષ્ટ રીવાજ નાબુદ કરવાને માટે મદદ કરવા આગ્રહ કર્યો હતો.

ત્યાર બાદ રા૦ રા૦ પ્રાણશંકર લલ્લુભાઇએ એને અનુમોદન આપ્યુ અને મત લેતા ઠરાવ સર્વાનુમતે પસાર થયા હતો.

ઠરાવ ૪.

રોવા કુટવાના રીવાજો સુરતમાં જે પ્રમાણે છે તેથી વધારે આકરા રીવાજો હોય ત્યાં તેને બદલે આવા બલકે આથી પણ નરમ રિવાજો દાખલ કરવાની આ પરિષદ તે સ્થળોના પંચોને ભલામણ કરે છે.

રોવા કુટવાનો રીવાજ સુરતમાં છે તે.

કોઇ પણ છોકરૂ જણોઇ પહેલા અગર કોઇ પણ છોકરી લગ્ન થયાં પહેલાં ગુજરી જાએ તો ચોથીઆ સુધી અગર ઘરડુ મરી જાએ તો તેર દીવસ સુધી મગર જુવાન મરી જાએ તો દોઢ મહીના સુધી ન્યાતના બૈરાઓએ તથા સગા વહાલાઓએ મોં ઢાંકવા જવુ અને તે પછી મોં ઢાકવાના બંધ કરવા. મોં ઢાકવાનો વખત સાંજના ચારથી છ વાગા સુધીનો રાખવો તે પહેલાં કોઇએ મોં ઢાકવા નહીં. ઘરડાનું તેમજ જુવાનનું પાથરણું ત્રરસ દીવસ સુધી રહે. વાર તહેવારે મોં ઢાકવા નહી તેમ ન્યાતના કોઇએ મોં ઢાંકવા જવું નહીં.

રા. રા. સહીપતરાય હકુમતરાયે આ ઠરાવ રજુ કરતી વખતે તે દુષ્ટ રીવાજને નાબુદ કરવાને માટે સુરતવાસીઓનું અનુકરણ કરવાનું સૌને સુચવ્યું હતું. તેઓએ કહ્યું જે સ્ત્રીઓ એકદમ માનનાર નથી પણ સુરતમાં અમુક રોજ બાદ રોવા કુટવા જનાર સ્ત્રીના ધણી પાસેથી દંડ તરીકે સવા રૂપીયો લેવાનો ઠરાવ થયો કે તરતજ રોવાનું ઓછું થઇ ગયું, તેમ કરેથી બીજે સ્થળે પણ તેવો ફાયદો થશે.

રા. પ્રાણશંકર લલ્લુભાઇ દેશાઇએ તેને અનુમોદન આપતી વખતે અમદાવાદીઓનો આ તરફનો પ્રયાસ નીસ્ફળ નીવડો તેને માટે શોક પ્રદર્શીત કર્યો હતો. કેમ રોવું કેમ કુટવું કેમ ઝીલવું અને કેમ મોં વાળવું એ વાત ઉપર સોલ સત્તર વરસની યુવાન સ્ત્રીઓ લક્ષ દોડાવે છે તેમ થતું અટકાવવાને માટે તેમને સૌને આગ્રહ કર્યો હતો ત્યાર બાદ રા. રા. રતીલાલ માધવલાલ તથા રા. સહીપતરાય જાદવરાયે તેને અનુમોદન આપ્યુ હતુ અને મત લેતા તે સર્વાનુમતે પસાર થયો હતો.

ઠરાવ ૫.

સુભ અસુભ પ્રસંગે આપણી ન્યાતમાં વધારે ખર્ચ થાય છે તેમાંથી કેટલાક તદન કમી કરવા જેવા અને ઘણાખરા ઘટાડો કરવા જેવા છે એમ આ કોનફરન્સનું માનવું હોવાથી એ ખર્ચ જેમ બને તેમ ઓછો કરવા-યા અટકાવવા આ કોનફરન્સ સર્વે સ્થળોના ક્ષત્રી બંધુઓને ભલામણ કરે છે.

રા૦ બા૦ મોતીલાલ ચુનીલાલે આ ઠરાવ રજુ કરતી વખતે આવા વરા કરનારાઓને કૃષ્ણજીનો ઇલકાબ આપ્યો હતો. અને મૈયતનું જમવું એ શાસ્ત્રોક્ત નથી માટે એવા જમણમાં તો જમવા નજ જવાનો સર્વને આગ્રહ કર્યો હતો.

રા૦ મણીલાલ અજીતરાયે તે ઠરાવને અનુમોદન આપતી વખતે કહ્યું કે લોકો દેખા દેખી અથવા "Ostentation" (આડંબર)ની ખાતર આમ વરા કરે છે.

પછીથી રા૦ બળવંતરાય કલ્યાણરાય ઠાકોરે તેને અનુમોદન આપતી વખતે નીચે પ્રમાણે કહ્યું.

સાધરણ ક્ષત્રી પણ ઘણા પૈસા આમ વરા કરવામાં ખરચે છે તે કોઇ ખાસ ઉમંગથી ખરચનો હોય એમ નથી હોતું. પણ શરમની ખાતર-એક નાકની ખાતર-આવું ખર્ચ કરવાની તેને જરૂર પડે છે. પૈસાદાર લોક રીવાજો બગાડે છે. અને મધ્યમ વર્ગના લોકો તેમનું અનુકરણ કરે છે જો પૈસાદાર લોકો ઓછુ ખર્ચ કરે તો બીજાઓને શરમાવાવાનું રહેજ નહિ. અને ગરીબ લોકો ઓછું ખર્ચ કરતાં શરમાશે નહિ. અને દુઃખી થશે નહિ. પ્રથમ ભરૂચ આ બાબતમાં આગળ પડતું હતું. હાલ અમદાવાદમાં વાત વધતી જાય છે × × × × પણ આમ ખર્ચ કમી કરવામાં પહેલ કોણ કાઢે. આ સવાલ કંઇ જેવો તેવો નથી જે ગાળ ખાવા તૈયાર હોય તેજ આવું કરી શકે. હમણા કદાચ કેટલાક લોકો બબડશે. પણ પાછળથી તેનો સૌ આભાર માનશે × × ! મત લેતા આ દરખાસ્ત સર્વાનુમતે પસાર થઇ હતી.

ઠરાવ ૬.

ન્યાતનું વસ્તીપત્રક થવાની ઘણી જરૂર છે.

{ ૧) રા૦ રતીલાલ માધવરામ.
  ૨) રા૦ કૃષ્ણલાલ કીરપારામ.

આ ઠરાવ મત લેતાં સર્વાનુમતે પસાર થયો હતો.

આ પછી સભા વીસર્જન થઇ હતી. અને બીજે દીવસે સ્હવારે મળવાની ગોઠવણ કરી હતી.

તા૦ ૩૧ મી ને રોજ સહવારે મળેલી સભા.

ઠરાવ ૭.

નાના સાથને આપણી સાથે જમવામાં પંકતીમાં ભેગા બેસાડવા ઇષ્ટ છે ?

રા. રા. મણીલાલ અજીતરાયે આ દરખાસ્ત રજુ કરતાં કહ્યું " જે દરખાસ્ત રજુ કરવાને મ્હને કહેવામાં આવ્યું છે તે દરખાસ્ત હું ઘણી ખુશીથી રજુ કરૂં છું ને તે દરખાસ્ત નીચે પ્રમાણે છે, " નાના સાથને આપણી સાથે જમવામાં પંકતીમાં ભેગા બેસાડવા ઇષ્ટ છે. આપણી ન્યાતની આ બે પંકતીમાં એક મોટા કુંડાળાના બે ભાગ છે તે કેમ ઉત્તપન થયા અને પછી આટલો બધો ફરક તેમાં કેમ પડયો એ બાબત ત્હેમાં ઘણો મતભેદ છે. તેના કરણો જોવા. તે વીષય ઉપર ચર્ચા ચલાવવી. પંચોને પુછવું. આમ કરેથી ફકત દ્વેશ વધે છે અને કંઇ લાભ થતો નથી. એનો ઇતીહાસ રા. ત્રંબકલાલે કહ્યું હતું તેમ પહેડીનામાપરથી માલુમ પડે છે. ઈ. સ. ૧૦૦૦ પહેલા બે ભાગ નહોતા, પણ પાછલથી કયા કારણથી ભાગ પડી ગયા એ કહી શકાતું નથી. આમોદમાં રા. દયારામ અને ત્હેમના ભાઇઓ વીશા હતા, પણ તેઓમાં પાછલથી કંઇ કારણસર તડ જેવું પડયું. આ બનાવ બને ૨૦૦ વર્ષ પણ થયા નથી. આ તડ વચ્ચે ભોજન વહેવાર તો ચાલુજ હતો. એકમેકને જમવા તેડે તો જાય, અને તેવું ઘણી વખત બનતું, પણ આ વખતે વીશાભાઇઓજ પીરસતા પણ દશાઓને ભાટીઆ લવાણા વીગેરેની માફક તદ્દન ન્યાત બહાર નહોતા મુકયા. આ વીભાગો બહુ તીવ્ર નહોતા. અરસપરસ લહાણા અપાતા ને લેવાતા શુભ અશુભ પ્રસંગે એકજ હોય એમ વર્તતા. આવા વીભાગ પડવાના કારણો ખબર નથી, વતનની તકરાર યા નીચ કુલની કન્યા પરણ્યા હોય તેથી આવો બનાવ બન્યો હોય કે ગમે તે કારણથી આમ થયું. તે વખત અંધાધુનીનો હતો. પણ એ વાત તો નક્કીજ છે કે આપણે ત્હેમને છેક અલગા નથી કર્યા. આ ઉપરથી એમ માનવાને સબળ કારણ છે ત્હેમનો વાંક કાંઇ મ્હોટો નહિ હોય અને એવા ન્હાના વાંક

માટે આટલી સજા બસ થઈ છે કે નહિ તે નીર્ણય કરવાનું આપની ન્યાયી વૃતીને સોપું છું. તેઓ કેવળ નીર્દોષ નહિ હોય પણ ત્હેમને શો ગુન્હો કર્યો તેની નોધ નથી પણ મુંગે મહોડે ત્હેમને ખમ્યું છે તેથી એમ લાગે છે કે તેઓ દોષીત હશે મનુસ્મૃતીમાં બ્રાહ્મણ ક્ષત્રાણી સાથે અને ક્ષત્રી વૈશ્ય સ્ત્રી સાથે લગ્ન કરી શકતો અને આ પ્રજા જુદી જાત ગણાતી પણ પાછળથી આમ કરવું એ દુરાચાર ગણાવા માંડયો. આમ પણ થયું હોય ક્ષત્રી નરોએ નીચ જાતની કન્યા આણી હોય પણ જ્યારે શા કારણે આપણે ત્હેમને દુર કર્યા તે ખબર નથી તેમજ જ્યારે ત્હેમને આપણે બહુ અલગા નથી કર્યા અને આચાર વીચારો આપણા જેવાજ છે અને ગુણ દોષ સ્વભાવે આપણુને મલતા આવે છે ત્યારે ત્હેમને સાથે બેસાડીને જમાડવામાં હું કશો બાધ જોતો નથી ગુપ્ત રીતે હાલમાં પણ તેવો છોછ ઘણા રાખતા નથી પણ છુપું શું થાય છે તે આપણે જોવાનુ નથી. પંકતી ભોજન કેમ ના આપવું એ સવાલ છે બીજી ન્યાતો જુવો તો ત્હેમાં પણ દશા વીશા માલમ પડશે દશાલાડ વીશાલાડ દશા ઓસવાલ વીશા ઓશવાલ વી. વી. પણ તે તડો વચ્ચે ભોજન વ્યવ્હાર છે અને બેટી વ્હેવાર માટે જુદી જુદી ન્યાતોમાં જુદા જુદા નીયમો થયા છે ત્હેમના ગુન્હાને માટે આપણે ત્હેમનો બહીશ્કાર કર્યો તેઓએ આટલા વર્ષ શીક્ષા ખમી હવે રેલ્વે મારફતે પરદેશ જનારા લોકો ગમે તે આદમી સાથે બેસી જમે છે મુબઇમાં રહેનારા આપણી જ્ઞાતીના યુવકો કયાં કયાં અને કેવી રીતે ખાય છે તે સર્વેને માહીત છે વળી શાસ્ત્રમાં પરજ્ઞાતી સાથે જમવામાં બાધ નથી દુર્વાશા જેવા મહાન ઋષી અને જાતે પવિત્ર બ્રાહ્મણ તે પાંડવ વનમાં હતા ત્યારે ત્હેમને આશ્રમે આવી દ્રોપતીના હાથની રસોઇ જમ્યા હતા ત્યારે આપણુને આપણા દશા ભાઈઓ સાથે જમવામાં કશો બાધ હોવો જોઇએ નહિ, પારસી મુસલમાન સાથે બેસી ભોજન લેવામાં આપણામાંના ઘણા આચંકો ખાતા નથી. હાલના જમાનામાં વાણીઆ દોસ્તને ત્યાં જઇ ત્હેમનાં હાથનું રાંધેલું ખાતા આપણે આચંકો ખાતાં નથી. દશા દોસ્તો ઘેર આવે ત્યારે જોડે બેસે પણ ઉઘાડે છોક ન્યાતમાં પંકતીમાં બેસાડવાને આપણે ના કહીએ છીએ એ શું બતલાવે છે ? આપણે એક નજીવા અપરાધ માટે કયાં સુધી શીક્ષા કરીશું ? આપણી ન્યાયી વૃતિઓ છેકજ દબાઇ ગઇ ? શું આપણે આપણા દુ:ખી ભાઇઓ તરફ દયા નહિ બતલાવીયે ? આપણે જ્યારે આમ દુખીઆરાને મદદ નહીં કરીએ ત્યારે આપણુને ન્યાયી ક્ષત્રી કોણ કહેશે ? માટે આ વીષય ઉપર સર્વ ન્યાતી ભાઇઓને ખુબ વીચાર કરવા હું વિનંતી કરી બેસી જવાની રજા લઉં છું.

રા૦ રા૦ ત્ર્યંબકરાય જાદવરાય (દશા) નું ભાષણ.

રા૦ રા૦ મણીભાઇએ જે કહ્યું તે આપે સાંભળ્યુ છે. અમારૂં કહેવું આપે ગયે વર્ષે પણ સાંભળ્યું હતું, અને આ વર્ષે પણ કૃપા કરી સાંભળશો. એવી અમે આશા રાખીયે છીયે. ઓ ન્યાતીલા સદગૃહસ્થો, આપ અમને તારો. આપ જેટલો સંબંધ હાલ રાખો છો, તેથી અમારી પ્રતીષ્ઠા વધે છે, અને વધારે ગાઢો સંબંધ કરી અમારૂં માન વધારશો. અમે વીશાભાઇઓ સાથે જોડાયલા છીયે. પહેલીનામામાં જોતાં રા૦ રા૦ પ્રાણલાલ શંભુલાલ દેશાઇના પીત્રાઇઓ કેટલાક દશામાં છે. તેઓ અને રા૦ પ્રાણલાલના કુટુંબીયો એકજ વતનના ભાગીદાર છે. અમો દશાઓ જુનાગઢ અને લીંમડી સુધી નોકરી અર્થે ગયેલા છીયે. ત્યાં અમારા ઘણાં ઘર છે. બાદશાહી લેખો પરથી કયારે અને કેમ ત્યાં ગયેલા એ માલુમ પડે છે. આપનાથી જુદા કેમ પડયા

એનો કંઇ ઇતીહાસીક પુરાવો નથી. અમે દોષ રહીન તો નહિંજ હોઇએ. પણ અમારા દોષ માટે અમને સજા પણ પુષ્કલ થઇ છે. વીલાયત જઇ ત્યાંના લોકો સાથે અભક્ષાભક્ષ કરનાર નાગરને પણ પ્રાશ્ચીત આપી તેઓ ન્યાતમાં લેછે ને પંકતી આપે છે. તો આપ અમને પ્રાશ્ચીત કરાવો અને પંકની આપો. અમને ન્યાત જમાડતા કેટલી હરકત નડે છે ! વીશા યુવકોની મહેરબાનીને લીધે અમારે ત્યાં બગાડ તો નથી થતો, પણ અમને અમારી સ્ત્રીઓને અને અમારા બચ્ચાંઓને ન્યાતનો લ્હાવો તો નથી મલતો ન્યાતી ભોજન વખતે સારાં કપડાં પહેરી અમારા બચ્ચાં ન્યાતી ભાઇઓને હેતે પીરસવા ટળવળે છે, તેઓ રૂવે છે, અને તે સંતાપ અમારાથી નથી ખમાતો. આપની સાથે અમારો સંબંધ નીકટનો છે તે વધારે નીકટનો કરશો, એવી અમારી પૂર્ણ આશા છે, બીજી વર્ણ સાથે આપ ભોજન કરતા હશો કે નહિ તે અમારે જોવાનું નથી, આપ તે બાબત વીષે ઘણું જાણો છો અને હું આપને કંઇ પણ ત્હેમાં કહીશ તો આપને માઠું લાગશે. આપણી જ્ઞાતી સુજ્ઞ ગણાય છે. અને ત્હેમાં આવા ભેદ હોય એ સારૂં દેખાતું નથી, અમારો આપ પ્રતી ભાવ છે. અને એ ભાવ આપ વધારો. અમને આપના ગણ્યા છે, અને આટલી જુદાઇ છે તે દૂર કરો એટલે અમારાપર અત્યંત કૃપા કરી તેમ અમે માનીશું.

રા૦ ધીરજલાલ ઉમેદરામ ઠાકોરનું ભાષણ.

રા૦ રા૦ મણીભાઇએ જે દરખાસ્ત રજુ કરી અને જે વીશે રા૦ રા૦ ત્ર્યંબકરાયજી આટલું બોલ્યા છે તે દરખાસ્ત વીષે મ્હારે કંઇ કહેવાનું છેજ નહિ. પણ આમ પંક્તીમાં જમાડવાની છૂટ આપી એટલે પાછળથી ઘણા વાંધા નીકલશે. પંક્તીમાં દાખલ કર્યા એટલે તેઓ આંગળેથી પહોંચે વળગશે. પંક્તી ભોજનથી અટકાવવાના નથી. પણ આપણે કન્યા વ્યવ્હાર પણ શરૂ કરી દઇશું. આવો વ્યવ્હાર શરૂ કરવો એ સારૂં નથી. ત્હેમની સાથે કન્યા વ્યવહાર તો રાખવો નજ જોઇએ. આ વખતે તે નીયમ વીરૂદ્ધ બોલ્યા છે એમ બુમ પડી અને પ્રમુખ સાહેબે ત્હેમને ફક્ત પંક્તીમાં બેસાડી ભોજન આપવા વીશેજ બોલવા કહ્યું) જો ફકત આજ બાબત હોય તો તેમ કરવામાં કંઇ હરકત નથી.

રા૦ રા૦ બળવંતરાય રાયજીભાઈ દેસાઇનું ભાષણ.

આ પ્રસગ વાચીત્ર છે. આતો માંગલીક પ્રસંગ લાગે છે. અત્રે દશાવીશાનું લગ્ન થાય છે. (હસાહસ) અને આપણે ગોત્રાચાર ભણાવે છીએ. (વધુ હસાહસ). પણ ભાઇઓ આ લગ્ન બરાબર થયું ગણાશે ? કન્યાના ગુણ દોષ જોવા ? એ પહેલું જોવું જોઇએ. પહેલાં ત્હેમને પીરસનાર જૂદા રહેતા, પાછળથી ત્હેમને પીરસી આપણને પીરસે તો હરકત ગણાવા ન લાગી, હવે તો વ્હેંત છેટે બેસે છે તે પણ આપણને વાંધો લેવા જેવું નથી લાગ્યું. હવે એટલો તો ફર્ક રહેવા દો. છાના ઇરાનીઓને ત્યાં આપણે ખાઇએ છીયે પણ આતો ન્યાતની અને ઉગાડે છોક જમવાની વાત છે. એ આપણા ભાઇઓ ખરા, પણ એકદમ આપણે ઉછળી પડવું નહિં.

રા૦ રા૦ અંબાશંકર હરપ્રસાદનું ભાષણ.

આ વીષય એકદમ પુરો કરવા જેવો નથી. તે ઘણો ગહન છે. રા૦ ત્રંબકલાલના કહેવાથી આ તડ ૨૦૦ વર્ષ ઉપર પડ્યા હોય એમ લાગે છે. ભરૂચના બ્રહ્મક્ષત્રી પંચના સેક્રેટરીનું હું આજ ઘણા વર્ષ થયાં કામ કરૂંછું. મ્હેં પાછલા ઠરાવો જોયા છે. પણ તે પરથી દશાવીશા તડ કેમ પડ્યા ને મ્હને ખબર પડી નથી. હવે જ્યારે જે લોકો ૨૦૦ વર્ષથી આપણાથી જૂદા છે, તેઓને એકદમ પંક્તી ભેદ વગર ભોજન કરાવવામાં હરકત ના માનવી એ હું વ્યાજબી ગણુતો નથી. હાલના જુવાનીઆઓ સ્વધર્મ છોડી નીતી ભ્રષ્ટ થયા માટે ત્હેમને આવો ઠરાવ રજુ કરી અને પસાર કરી તેવા દુષ્ટ કામમાં ત્હેમને મદદ આપવી ન જોઇએ. લાંબા વખતથી રીવાજ નથી. તે રીવાજ દાખલ કરીશું તો ત્હેમાં જોખમ સમાયેલું છે, ભવીષ્યમાં તેથી હાની થશે, ત્હેમને શો ગુન્હો કર્યો તે આપણને માલુમ નથી. ને ત્હેમને કોણે અને ક્યારે સજા કરી તે પણ માલુમ નથી રા. મણીલાલ આપણને ન્યાય અને અપક્ષપાતની નજરે જોવા કહે છે તેથી હું મ્હારો વીચાર દર્શાવું ત્હેમાં કોઇને ખોટું લગાડવાનું કારણ નથી. હું ક્ષત્રી છું અને મ્હારે ક્યાં અને કોની શાથે જમવું એ સવાલપર આજે ચર્ચા ચાલે છે. દશા ભાઇઓને હું સાથે બેસાડી જમાડું કે નહિં તે મ્હારે વીચારવાનું છે. ધારો કે એક શુદ્ધ ક્ષત્રી કાલે ભરવાડણ કે રજપુતાણી કે બીજી કોઇ અવર ગ્નાતીની કન્યા વેરે લગ્ન કરે અને તે માટે તેને ન્યાત બહાર મુકે, અને પાછળથી ૫૦ વર્ષે ત્હેના બચ્ચાંના બચ્ચાંને ન્યાતમાં લેવા ની દયા કોણ બતલાવશે ? આ બાબત વીચાર કરવા જેવી છે, ઠરાવ કરી સહી મતુ કરી રાજી થવાનું નથી. આપણે કબુલ થયા પણ ઘેર આપણી સ્ત્રીઓ શુ કરશે એ પુછવું !

આમોદના ગણપતરામ અને અમદાવાદના લલ્લુભાઇ દશા તથા ભરૂચના પ્રાણલાલ શંભુલા લ વીગેરે વીગેરે નામો ટાંકી એમ બતલાવવા પ્રયત્ન કરવામાં આવ્યો છે કે, દશા ભાઇઓની ઉત્પત્તી વીશાઓમાંથી છે. પણ વીશાના દશા કેમ થયા એ તેઓ કહેતા નથી. હાલ કન્યાની છત છે, (નથીની બુમ) ધારો કે નથી, પણ તે વખતે તો તદ્દન અછત હતી, કન્યા વગર વાંઢા ઘણાએક મરી ગયેલા, કેટલાએક વતનદારો પોતાના વતનને ભોગવનાર કોઇક પાછળ રહે એવી ઇચ્છાથી પરન્યાતની સ્ત્રી પરણ્યા હશે. પાછળથી ત્હેમની કન્યાઓને વીશા પણ પરણ્યા હોવા જોઇએ. અને તેમ ત્હેમનો જુથ વધી ગયો. દેશાઇગીરી રાખવા આમ ત્હેમને કર્યુ હોય એમ માનવાને સબળ કારણ છે, તેઓ અને વીશા દેશાઇઓ એકજ વતનના કેમ ભાગીદાર છે, તે આ ઉપરથી સમજી શકાશે. હવે તેઓ થોડા છે. દીન પ્રતીદીન તેઓ ઘટતા જાય છે, એટલા માટે તેઓ સાથે જોડાઇ જવું એમ કહેનારાઓ ભુલ કરે છે. આપણને તેવું દુઃખ પડશે એમ બ્હીક રાખવી અને તેથી કરીને અવર ન્યાતો જેવા ગણાતા બીજાઓને આપણી સાથે લેવા ? આપણે પાછળથી સંખ્યામાં કદાચ ઘટી જઇએ તો શું બીજી કોમો આપણને તેમના ભેગા લેશે ? મરવું જીવવું પરમેશ્વરને હાથ છે ને ૨૦, ૨૫ વધ્યા તોએ શું અને નહિ હોય તોએ શું ? ગુજરાતમાં આવ્યાં પહેલાં વીશા એકલાંજ હતા. એમ માનવાને કંઇ કારણ નથી, અને વગર આધારે શરમમાં રહી આ વાત સર્વ મંજુર કરશો ત્હેમાં સાર નથી ઘરડા અનુભવીઓએ લાંબો વીચાર કરવો જોઇએ. જમવામાં પંક્તી ભેદ મુકી દઇએ તો લા કે હાની થશે અને તે કેટલે દરજ્જે થશે ત્હેનો વીચાર પ્રથમ કરવો. લાભ તો નથીજ,

હાની તો છેજ. પંકતી વ્યવ્હારમાંથી બેટી વ્યવ્હાર થશે. દીલગીર થવા જેવું છે કે, સર્વે ઠેકાણે દરીયો ઉછળ્યો છે. અમદાવાદ એકલું દોષ પાત્ર છે અને બીજા સ્થળો દોષ રહીત છે એમ નથી. તવંગર તેમજ ગરીબ પૈસાને માબાપ કહે છે. તેઓએ ઘંટાકરણ માફક વર્તવા માંડયું છે, (હસાહસ) ૨૦૦૦, ૪૦૦૦ નો થેલી છુટી કે ચાલ્યો કન્યા વ્યવ્હાર, દશાવર પલ્લું આપશે. અને સ્ત્રીના માબાપ દશા હશે તો રૂપીયા આપશે એટલે પછી શું.

ગઇ કાલે કેળવણી બાબત જે કહેવાયું તે સર્વેને યાદ હશે. જ્યારે આપણે દશા સાથે સંબંધ બાંધીશું ત્યારે ત્હેમની છાપ આપણા હૃદય પર નહિ તો આપણા બચ્ચાંઓના હૃદય પર પડશે, અને ત્હેનું પરીણામ શું આવશે? ડી૦ બા૦ અંબાલાલભાઇએ અને રા૦ મણીલાલભાઇએ ઉંચા સંસ્કારને વીષે જે કહ્યું છે તે આપને યાદ હશે. નીચ જાતની સ્ત્રીથી ઉત્પન્ન થયેલી પ્રજામાં કેવા સંસ્કારો હોવા જોઇએ. તેઓ આપણને મળતા નથી. ત્હેમના અને આપણા વ્યવ્હારમાં ફેરફાર છે. તેના ઉપર કેળવણીની કેટલી જરૂર અસર છે. ઇંગ્લંડ વીગેરે દેશોમાં પણ જાતી ભેદ રાખે છે. તે દેશો સુધરેલા નથી? ત્હેમના દાખલા લઇએ તોપણ જે જાતોમાં આવા ભેદ હોય તે વચ્ચે લગ્ન કરવાં એ વ્યાજબી નથી.

ડી૦ બા૦ અંબાલાલ સાકરલાલનુ ભાષણ.

રા૦ અંબાશંકરજી ઘરડાઓને વિચાર કરવા કહે છે. પણ હું તેથી જુદા મતનો છું. ઘરડાનું આ કામ નથી, જુવાનોનું તે છે. અમારે હવે કશો વીચાર કરવાનો નથી, તમો જુવાનો તે કામ માથે લ્યો. આ ઠરાવની ભાષા વીશે સમજ ફેર થઇ છે એમ મ્હારૂં માનવું છે. આ દરખાસ્તમાં કોનફરંન્સમાં એકઠા મળેલા પ્રતીનીધીઓ શું ઇષ્ટ માને છે તે મુકેલું છે. દરખાસ્ત પાસ થાય એટલે આપણે બંધાતા નથી, પછીથી દરેક ઠેકાણાના પંચ મલશે અને ત્યાં સર્વેનો–સ્ત્રી અને પુરૂષોનો–અભીપ્રાય પુછાશે.

આપણે સંપ કરવો છે, તડ જોડવાછે અને તડ પાડી કલેશ વધારવો નથી. આ બેને ભેગાં કરી બીજા બે ઉભા કરવા એ અમારો હેતુ નથી. પહેલું ત્હેમની ઉત્પત્તી કેમ થઇ અને ત્હેમના ગુણો અને સ્વભાવ આપણા જેવા છે કે નહિ એ બે બાબતો વીશે તપાસ કરવી જોઇએ. ઉત્પત્તી તો કદાચ પરજ્ઞાતીની સ્ત્રી સાથે લગ્નમાંથી એ હોય યા કદાચ અભક્ષાભક્ષ કરેથી એ હોય. ઘણું ખરૂં પહેલું કારણ હશે એમ મનાય છે. હૈદરાબાદ અને જુનાગઢના લોકો આપણાથી જુદા પડે છે. ત્હેમની રહેણી કહેણીમાં કંઇક ફેરફાર છે, પણ ત્યાં આપણે બે ધડક સંબંધ બાંધેજ જઇએ છીએ. આ ઉપરથી એમ માની શકાય કે રહેણી કહેણીમાં ફેર પડેથી આપણે ત્હેમને જુદા કર્યા નહિ હોય. વતનની તકરારમાં પણ તડ પડેલા હોય. પણ તે બધી તો કલ્પનાઓ છે. હાલ જે જુઓ છો તે પર વીચાર કરવાનો છે. કયા ધોરણે કામ લેવું એ વીચારવાનું છે. વીલાયત, જાપાન. આફ્રીકા વીગેરે દેશો જઇ પાછા આવેલા સાથે ખાઇએ છીયે ત્યારે આ દશાઓ સાથે કેમ ના ખાવું એ હું સમજી શકતો નથી. કન્યા વ્યવ્હારનો પ્રશ્ન છેજ નહિ. રોટી વ્યવહાર તો વાણીયાઓમાં છે, અને બેટી વ્યવ્હાર નથી. પાછલા વખતમાં અને હાલના વખતમાં ફેરફાર તો થયોજ છે. પહેલાં પીરસનાર જુદા રહેતા અને પીરસણું જુદું રહેતું. હવે તે અંત ગયું છે. વ્હેંત જગ્યા વચ્ચે રહે છે. કાળનો પ્રવાહ વહે જાય છે. જુવાન